અડગ મન માટે જરૂરી : ફૌલાદી ટેકો

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

> **આ મનને અડગ રાખવું કઈ રીતે? કોઈ પણ અચલ વસ્તુને તેના મજબૂત પાયાનો ટેકો હોય છે તેમ મનને અડગ-અચલ રાખવા માટે કોઈક સારા વિચારોનો ટેકો લે, તો કોઈ સારાં પુસ્તકોનો ટેકો લે; કોઈક વિવિધ સાધનોનો ટેકો લે, તો કોઈક મનોરંજનનો ટેકો લે**

'કાયર મનના માનવીને રસ્તો કદી જડતો નથી, અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી...' જેનું મન અડગ હોય, ગમે તેવી પરિસ્થિતિઓ કે સંજોગો જેના મનને ચળાવી શકવા સમર્થ ન થઈ શકે,

પરંતુ આ મનને અડગ રાખવું કઈ રીતે? કોઈ પણ અચલ વસ્તુને તેના મજબૂત પાયાનો ટેકો હોય છે તેમ મનને અડગ-અચલ રાખવા માટે કોઈક સારા વિચારોનો ટેકો લે, તો કોઈ સારાં પુસ્તકોનો ટેકો લે; કોઈક વિવિધ સાધનોનો ટેકો લે, તો કોઈક મનોરંજનનાં ઉપકરણોનો ટેકો લે... બરાબર છે, આવા ટેકા હોઈ શકે, પરંતુ શું કોઈ એવો ફૌલાદી ટેકો મળે? કે જે ટેકો એક વાર લીધા પછી બીજા ટેકાની જરૂર જ ન પડે?

કુરુક્ષેત્રમાં, મહાભારતના મહાસંગ્રામમાં અર્જુન ભાંગી પડે છે એવા સમયે તે ટેકો લે છે પોતાના પ્રિય મિત્ર શ્રીકૃષ્ણ ભગવાનનો. તે શ્રીકૃષ્ણ પરમાત્માને કહે છે: 'હે ભગવન્! મારા હાથમાંથી ગાંડિવ ધનુષ્ય સરી રહ્યું છે. હું યુદ્ધ કરવા અસમર્થ છું.' એ વખતે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને શ્રીમદ્ ભગવદ ગીતાનો ઉપદેશ આપીને બેઠો કરે છે અને અંતે અર્જુન યુદ્ધ કરવા માટે કટિબદ્ધ થાય છે. ભગવાનના ટેકાથી ભાંગી પડેલો અર્જુન બેઠો થઈ શક્યો.

હવે અર્જુનની અને આપણી પરિસ્થિતિ વચ્ચે ફેર એટલો કે અર્જુનને રણમેદાનમાં યુદ્ધ ખેલવાનું હતું, જ્યારે આપણે જીવનનું યુદ્ધ ખેલવાનું છે. સફળતા-નિષ્ફળતા, સુખ-દુઃખ, હાર-જીત, ઉતાર-ચડાવ, વગેરે સંજોગો રૂપી સંગ્રામમાં અડગ રહેવાનું છે.

તો જાણીએ વાત એવા અર્જુનની, જે જીવનસંગ્રામમાં અડગ રહ્યો. વાત છે વલસાડના કોસંબા ગામના યુવાન ઘનશ્યામ ટંડેલની. ૨૬ વર્ષની વયના આ યુવાનની દાસ્તાન હૈયું કંપાવી દે એવી છે. યુવાનને એક દિવસ જમણી બાજુના ખભામાં જરા દુખાવો ઊપડ્યો. પહેલાં તો એણે બહુ ધ્યાન ન આપ્યું પણ દુખાવો વધતાં તપાસ કરતાં જણાયું કે કેન્સર છે તેથી ઓપરેશન કરી ખભાનું હાડકું કાઢી નાખ્યું. લગભગ ૭ મહિના બાદ બચેલું હાડકું આખું ખવાઈ ગયું. એટલે ફરી ઓપરેશન કરીને આખા હાથનાં હાડકાં કાઢી નાખવામાં આવ્યાં. પણ આ તો કસોટીની શરૂઆત માત્ર હતી. ત્રણ મહિના બાદ અંદર ગાંઠો થવાની શરૂ થઈ. એટલે મુંબઈ જઈ ત્રીજું ઓપરેશન કરી લોખંડનો જોઈન્ટ ફીટ કરવામાં આવ્યો. પણ થોડા જ વખતમાં તો એ જોઈન્ટની આજુબાજુ પણ ગાંઠો થઈ અને પાકી ગયું. એટલે ચોથું ઓપરેશન કર્યું. પણ હજી જાણે કંઈક ખૂટતું હોય એમ થોડા સમયમાં તો લોખંડનો જોઈન્ટ ખભામાંથી બહાર આવી ગયો. એટલે પાંચમું ઓપરેશન કરી જોઈન્ટ ફરી બેસાડવામાં આવ્યો. પરિસ્થિતિ વધુ ને વધુ વકરતા અંતે છઠ્ઠું ઓપરેશન કરી આખો જમણો હાથ કાઢી નાખવામાં આવ્યો. છતાં ખભામાં ૩-૪ જેટલી ગાંઠો થઈ તેથી સાતમું ઓપરેશન કરી ખભાનો ભાગ પણ કાઢી નાખ્યો. આટઆટલું થયા પછી તો કોઈની પણ ધીરજ ખૂટી જાય. ફરીથી અંદરના ભાગમાં ગાંઠો થઈ તો આઠમું ઓપરેશન કરી ગળા સુધીનો ભાગ કાપ્યો. ત્યારબાદ પીઠ ઉપર ગાંઠો થઈ તો નવમું ઓપરેશન કરી એ ભાગ પણ કાઢ્યો. અને એ ઓપરેશનની જગ્યાએ ફરી ગાંઠો થઈ તો દસમું ઓપરેશન કરી એ ભાગ પણ કાઢી નાખવામાં આવ્યો.

કલ્પનામાં પણ ન બેસે એવી ભયંકર પરિસ્થિતિઓમાંથી પસાર થયા પછી પણ સલામ છે એ યુવાનની અડગતાને કે તે ઉત્સાહથી પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ઉજવાયેલા ઉત્સવમાં સ્વયંસેવક તરીકે સેવામાં જોડાયો! કોઈકે તેને પૂછ્યું કે 'તને એવું નથી લાગતું કે ભગવાન તારી સાથે અન્યાય કરી રહ્યા છે? તારી રક્ષા કેમ નથી કરતા?' ત્યારે એ યુવાને ખુમારી સાથે જણાવ્યું કે 'મારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ છે. જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં અડગ રહેવાની મને તેમણે પ્રેરણા આપી છે. ભગવાને મારી રક્ષા તો કરી જ છે, નહીં તો હું આજે તમારી સામે જીવતો ન હોત...મને પળેપળે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી પ્રેરણા મળતી રહી છે.'

જી હા, બીજા બધા ટેકા પ્લાસ્ટિકના, લાકડાંના, થર્મોકોલના, સિમેન્ટના કે અન્ય કોઈ પણ પદાર્થના હોઈ શકે. પણ જેણે જેણે ભગવાન અને સંતનો આશ્રય કર્યો છે તેમને ફૌલાદી ટેકો મળ્યો છે, એ તમામને મન અડગ રાખવામાં ક્યારેય તકલીફ પડી નથી. નિર્ણય આપણા હાથમાં છે...

અરે! શું કામ હારવું આ જીવનસંગ્રામમાં? ઝીલીશું સૌ પડકાર હોંશે ઉમંગમાં

તમારો નેક્સ્ટ પ્રોજેક્ટ શું છે?

+વાઇબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વિદ્યાનગરમાં રહેતા ગણિતના રેંગલર ડૉ. એન. એમ. શાહને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, મેથેમેટિક્સની અંદર તમે આટલી ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરી એનું રહસ્ય શું છે? સાહેબે બહુ સચોટ જવાબ આપ્યો, 18 hours a day for 20 years, no Sunday, no holiday, no vacation. રોજના ૧૮ કલાકની મહેનત, સતત ૨૦ વર્ષ સુધી, રવિવાર નહીં, રજા નહીં, વેકેશન નહીં. વિશ્વપ્રસિદ્ધ મ્યુઝિક કમ્પોઝર બીથોવનને પૂછ્યું કે તમારી આ સિદ્ધિનું રહસ્ય શું છે? બીથોવન બોલ્યા, 8 hours a day for 40 years. રોજના ૮ કલાક ૪૦ વર્ષ સુધી. કોઈ સિદ્ધિ રાતોરાત પ્રાપ્ત થતી નથી.



આજથી ૧૦ વર્ષ પછી કે ૨૦ વર્ષ પછી કે ૪૦ વર્ષ પછી આપણે ક્યાં પહોંચવું છે એ અંગેનું કોઈ ચિત્ર આપણે આપણા મનમાં તૈયાર કર્યું છે? જો આજે કરીશું તો આટલાં વર્ષો પછી એનું પરિણામ દેખાશે

માલ્કમ ગ્લેડવેલ લિખિત વિશ્વપ્રસિદ્ધ પુસ્તક આઉટલાયર્સમાં વિશ્વમાં જે મહાપુરુષોએ ઉચ્ચ કક્ષાની સફળતા પ્રાપ્ત કરી છે, એમની સફળતાનાં રહસ્યોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરેલો છે. વિશ્વનાં જુદાંજુદાં ક્ષેત્રના પ્રતિષ્ઠિત મહાનુભાવોનો સરવે કર્યા બાદ જે તારણ આવ્યું, તેના માટે એક શબ્દ કોઈન થયો Ten thousand hours rule. કોઈ પણ ક્ષેત્રમાં સફળતાનાં શિખરે પહોંચવું હોય તો ૧૦ હજાર કલાક સુધી પ્રેક્ટિસ કરવી પડે. આ પુસ્તકમાં કહેવામાં આવ્યું છે કે કમ્પોઝર્સ, બાસ્કેટબોલ પ્લેયર્સ, આઈસ સ્કેટર્સ, કોન્સર્ટ પિયાનીસ્ટ, ચેસ પ્લેયર્સ કે પછી માસ્ટર ક્રિમિનલ્સ જે કોઈ નિષ્ણાત થયા છે તેમણે પોતાના ક્ષેત્રમાં દસ હજાર કલાકથી વધારે મહેનત કરી હતી.

હવે આપણે આપણો વિચાર કરીએ કે આજથી ૧૦ વર્ષ પછી કે ૨૦ વર્ષ પછી કે ૪૦ વર્ષ પછી આપણે ક્યાં પહોંચવું છે એ અંગેનું કોઈ ચિત્ર આપણે આપણા મનમાં તૈયાર કર્યું છે? જો આજે કરીશું તો આટલાં વર્ષો પછી એનું પરિણામ દેખાશે.

પણ યાદ રહે, Success in Life અને Successful Life બે તદ્દન જુદી વસ્તુઓ છે. દુનિયા એવા દાખલાઓથી ઉભરાય છે કે જે લોકોએ વ્યક્તિગત કારકિર્દીમાં જ્વલંત સફળતાઓ મેળવી હોય, પણ જીવનની કસોટીમાં લાલ શાહીથી લખાયેલું 'નાપાસ'નું બિરુદ તેમના વ્યક્તિત્વને સમાજમાં નગણ્ય કરી દેતું હોય. માટે સમગ્ર જીવનને લક્ષ્યમાં રાખીએ ત્યારે પણ 'અંતનો વિચાર કરીને આરંભ કરીએ' આ સૂત્ર ખૂબ ઉપયોગી બનશે.

પ્રમુખસ્વામી મહારાજ પોતાની સાદી, સીધી પણ નક્કર અનુભવયુક્ત શૈલીથી બોધ આપતાં સમજાવતા કે દિવસે એવું કામ કરવું કે રાત્રે સૂવા જઈએ ત્યારે આપણને શાંતિ હોય, આખું વર્ષ એવું કામ કરવું કે વર્ષના અંતે આપણને આનંદ હોય. સમગ્ર જીવન એવું કામ કરવું કે જીવનના અંતે આપણને સંતોષ હોય. આ શબ્દોમાં કોઈ અલંકૃતિ કે સાહિત્યની જમાવટ નથી. પણ જો તેના મર્મને પામી શકીએ તો આ એક જ વાત સફળ જીવન બનાવવા પર્યાપ્ત છે.

પ્રમુખસ્વામી મહારાજને દિલ્હી અક્ષરધામના ઉદ્‌ઘાટન બાદ વિખ્યાત હાર્ટ સર્જન ડૉ. સુબ્રમણ્યમે પૂછ્યું કે What is your next project? ત્યારે સ્વામીશ્રીએ જવાબ આપ્યો કે સાહેબ, ભગવાન ભજવા, ભગવાન ભજાવવા અને એના દ્વારા વિશ્વમાં શાંતિનું પ્રવર્તન કરવું એ અમારો કાયમી પ્રોજેક્ટ છે. આ બધાં કામ એની સાથે સાથે થતાં જાય છે. આ અંતિમ લક્ષ્યની સ્પષ્ટતા હતી તો જ્યારે ૨૦૦૨ની સાલમાં ગાંધીનગર અક્ષરધામ પર આતંકવાદનો હુમલો થયો ત્યારે તેઓ સ્થિરતા રાખી શક્યા. જ્વાળામુખી ફાટવાની તૈયારીમાં હોય એ સંજોગો હતા. એમના એક નિર્ણય ઉપર લાખોની જિંદગીનો સવાલ હતો. એવા સમયે લેશ પણ આક્રોશમાં આવ્યા વિના એમને બહુ જ સ્પષ્ટ નિર્ણય આપ્યો કે આ ઘટના બની છે એનો પ્રતિકાર કોઈ હિંસાત્મક થવો જોઈએ નહીં. સૌ શાંતિ જાળવો, સૌ પ્રાર્થના કરો. સૌ એકબીજાનું ભલું ઇચ્છો. એમના આ સંદેશે સમગ્ર ગુજરાતને અને દેશને હિંસાની આગમાંથી ઉગારી લીધું. આ નિર્ણય તેઓ કેમ આપી શક્યા? કારણ કે એમના મનમાં અંતિમ લક્ષ્ય સ્પષ્ટ હતું - શાંતિનું પ્રવર્તન. માટે લાંબા ગાળાના લક્ષ્યાંકો નક્કી કરવાની સાથે જરૂરી છે કે જીવનનાં અંતિમ લક્ષ્યો પણ સ્પષ્ટ કરી લઈએ.

પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે તેમના જીવનમાંથી પ્રેરણા લઈએ ને આપણે પણ જીવનના અંતે અંતરમાં સંતોષ, શાંતિ અને સાચા સુખની અનુભૂતિ થાય તે અનુસાર નવા જીવનનો શુભારંભ કરીએ.

ક્ષમા આપવાની આગવી રીત

અત્યંત પરિશ્રમને અંતે થોમસ આલ્વા એડિસને વિદ્યુત બલ્બની શોધ કરી. તે સમયે તેના બધા ટીમ મેમ્બરો સખત મહેનત કરીને ૨૪ કલાકમાં એક બલ્બ બનાવતા. જ્યારે એડિસને રાત્રે બલ્બ પૂર્ણ કર્યો ત્યારે તેની સાથેના મદદનીશ છોકરાને આ બલ્બ ઉપર મૂકી આવવા જણાવ્યું, પરંતુ દાદર ચઢતાં તે છોકરાના હાથમાંથી બલ્બ નીચે પડી તૂટી ગયો. બધાને આ ખૂબ કપરું લાગ્યું. છતાં પણ એડિસન સ્થિર હતો. તેણે ફરીથી આખી ટીમને ૨૪ કલાક બલ્બ બનાવવા લગાડી દીધી. બીજો બલ્બ બનાવી તે જ બાળકને બલ્બ લઈને ઉપર મોકલ્યો. સાચી ક્ષમાનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ.

મહાપુરુષો માત્ર ઉપદેશ નથી આપતા. તેમના જીવનકાર્ય દ્વારા આપણને શીખવે છે કે સંસારમાં રહીને કેવી રીતે ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરી શકાય છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવન તરફ નજર કરીએ તો સમજાય છે કે તેમના સમયમાં કેટલાય પડકાર વચ્ચે તેઓ સમતા રાખીને જીવન જીવ્યા હશે. તેમના જીવનના સંદેશા આપણને શીખવે છે કે જ્યાં સુધી તમે બીજાને ક્ષમા આપી શકતા નથી ત્યાં સુધી શાંતિ મળતી નથી, પણ સંતો વ્યક્તિના સ્તરને જોઈને, અંતરાત્માથી ક્ષમા આપી શકે છે.



'Be gentle on the people who love you.' (તમને જે પ્રેમ કરતા હોય તેવા લોકો પ્રત્યે ઉદાર બનો). આખો દિવસ, વર્ષોથી જે કુટુંબીજનો તમારી સાથે હોય એને વધુ chance આપજો

એક વાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં હતા. હરિભક્તો અને સંતોએ તેમને કહ્યું કે 'સ્વામી! એક મહાપ્રશ્ન થયો છે.' સ્વામીશ્રી કહે 'શું પ્રશ્ન છે?' સંતોએ કહ્યું 'લંડન આપણા મંદિરના પાર્કિંગમાં ગાડીઓ ઉપર કોઈ સ્ક્રેચ પાડી જાય છે. આ કોણ છે તે પકડાતું નથી.' થોડા સમય પછી બરાબર ધ્યાન રાખવામાં આવ્યું ત્યારે એક નાનો બાળક પકડાયો. બધા લોકો આ બાળકને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ આવે છે.

આ સમયે બધા આશ્ચર્ય પામી ગયા કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સહજ ક્ષમા આપવાની રીત કંઈક અલગ છે. આ સ્થિતિમાં આપણી પાસે કોઈ આવા બાળકને લઈને આવે તો આપણે શું કરીએ? પહેલાં તો બાળકને ધમકાવવા લાગીએ અને પોતાની જ ગાડી ઉપર લીટા પાડ્યા હોય તો કદાચ એકાદ ધોલ પણ મારી દઈએ, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ એવું નથી કરતા. પૂજ્ય સ્વામીશ્રી બાળકને પૂછે છે 'તું શું કરે છે?' તે બાળક કહે કે 'હું કાર ઉપર લીટા પાડું છું અને માત્ર મર્સિડીઝ ગાડીઓ ઉપર.' સ્વામીશ્રી તેને પૂછે છે કે 'આ સારું કામ છે?' બાળક કહે, 'ખરાબ.' પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું કે 'તો તું આવું શા માટે કરે છે?' તો તે બાળકે જવાબ આપ્યો કે 'મારા પપ્પાની કાર કરતાં આ બધી ગાડીઓ સારી છે એટલે મને ઈર્ષ્યા આવે છે.' પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહે, 'તારે આવી ગાડી જોઈએ છે?, તને આવી ગાડી મળે તો તું લીટા પાડીશ?' બાળક કહે,

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'ના.' પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'જો તું ખૂબ ભણીશ તો આનાથી પણ સારી ગાડી તને મળશે.' બાળકે સ્વામીજીને પૂછ્યું, 'પ્રોમિસ?' તો પ્રમુખસ્વામી મહારાજ કહે, 'હા પ્રોમિસ.'

બાળક લીટા પાડતો બંધ થઈ ગયો. પ્રોબ્લેમનો અંત આવી ગયો અને તેને માફી પણ મળી ગઈ. તે શાંતિથી જીવતો પણ થઈ ગયો. એટલે કે આવાં બાળકોને સમજાવવાના કાર્યને પણ પ્રમુખસ્વામી મહારાજ સહજ રીતે ઉકેલી નાખે છે.

શું આપણે આપણાં બાળકોને આ રીતે શાંતિથી શિખવાડી શકીએ છીએ? આપણે તો દીકરી કપ-રકાબી લઈને આવતી હોય અને તમે કહો, 'જોજે પાડતી નહીં.' પણ તમે ગુસ્સાથી કહો એટલે તેનાથી ના પાડતી હોય તો પણ ક્યારેક પડી જાય! માટે જ 'Be gentle on the people who love you.' (તમને જે પ્રેમ કરતા હોય તેવા લોકો પ્રત્યે ઉદાર બનો). આખો દિવસ, વર્ષોથી જે કુટુંબીજનો તમારી સાથે હોય એને વધુ chance આપજો. ક્ષમા આપવાની પણ એક રીત હોય છે અને તેનાથી માણસ સુધરે છે, આ વાત આપણને પ્રમુખસ્વામી મહારાજ શીખવે છે.

આમ, કોઈને ક્ષમા આપવાથી તેના જીવનમાં પરિવર્તન આવે છે અને આપણે જો ક્ષમા આપી શકતા નથી તો આપણે બરાબર આપણું જીવન પણ જીવી શકતા નથી. આપણે પણ બીજાને સાચા દિલથી ક્ષમા આપતાં શીખીએ. ખાસ કરીને દૂરની કરતાં નજીકની વ્યક્તિને વધુ ક્ષમા આપતાં શીખીએ.

રોજ 15 મિનિટ પોતાની જાત સાથે

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



> **પદ-પ્રતિષ્ઠા-પૈસાની દોડમાં આપણે પોતાની જાત સાથે બેસવાનું ભૂલી તો નથી ગયાને! તમે ક્યારેક તમારા ખુદના નંબર પર કોલ કરી જોજો, સામેથી જીવનની વાસ્તવિકતા સંભળાશે, 'તમારા દ્વારા ડાયલ કરવામાં આવેલો નંબર હમણાં વ્યસ્ત છે'**

એક કઠિયારો દરરોજ વહેલી સવારે ઊઠે. સૂર્ય ક્ષિતિજે આવે તે પહેલાં કુહાડી લઈને જંગલમાં પહોંચી જાય. વહેલી સવારથી લાકડાં કાપવાની શરૂઆત કરે તે સૂર્યાસ્ત સુધી. કાળી મજૂરી કરે પણ તોય ગરીબી જાય નહીં. તેણે એક સંત-મહાત્મા પાસે પોતાની વ્યથા વ્યક્ત કરી. આ દારુણ ગરીબીમાંથી ઉગારવાનો ઉપાય માંગ્યો. મહાત્માએ એક સોનેરી સલાહ આપી જેનાથી કઠિયારાના જીવનની કરવટ બદલાઈ ગઈ.

કઠિયારાને સંતે જે સૂચન કર્યું તે જો આપણા જીવનમાં અમલમાં મૂકીએ તો આપણી જિંદગીની કરવટ પણ બદલાઈ શકે તેમ છે. મહાત્માએ એટલું જ કહ્યું હતું કે તું રોજ રાત્રે તારી કુહાડીની ધાર કાઢવાનું શરૂ કરી દે. સામાન્ય લાગતી બાબત છે. ક્યારેક એમ લાગે કે 'લે! કઠિયારાને એટલી તો ખબર પડવી જોઈએને!' 'એમાં શું નવી વાત કરી' પણ આ સહજ લાગતું સત્ય આપણી સડસડાટ દોડતી જિંદગીમાં એટલું સહજ નથી. એ કઠિયારાની જેમ આપણે પણ મહેનત કરી છીએ. સમય-શક્તિનું ઇન્વેસ્ટમેન્ટ કરી છીએ. ક્યારેક આપણને પણ એવો વિચાર આવી જાય છે કે હું જે પ્રમાણમાં પુરુષાર્થ કરું છું તે પ્રમાણે મને વળતર મળતું નથી. તો જરૂર છે આપણી કુહાડીની ધાર કાઢવાની. સ્વયં સાથે સંવાદ કરી જીવનને નિખારવાની.

પદ-પ્રતિષ્ઠા-પૈસાની દોડમાં આપણે પોતાની જાત સાથે બેસવાનું ભૂલી તો નથી ગયાને! તમે ક્યારેક તમારા ખુદના નંબર પર કૉલ કરી જોજો, સામેથી જીવનની વાસ્તવિકતા સંભળાશે, 'તમારા દ્વારા ડાયલ કરવામાં આવેલો નંબર હમણાં વ્યસ્ત છે.' વ્યસ્ત રહેવામાં આપણે જીવનનો આનંદ લેવાનું કે પોતાની જાતને વધુ બહેતર બનાવવાનું જ ભૂલી જઈએ તો તે વ્યસ્તતા શા કામની?

ભગવાન સ્વામિનારાયણ પોતાની પરવાણીના ગ્રંથ વચનામૃતમાં કહે છે કે બાહ્ય દૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ જોનારો પોતે પોતાને નથી જોતો એ જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. આવો, આપણે પોતાના જીવનને વધુ સમૃદ્ધ બનાવવા આપણા ૨૪ કલાકમાંથી માત્ર ૧૫ મિનિટ પોતાની જાતને આપીએ.

પણ તેમાં કરવાનું શું? પ્રથમ **उत्साहाद् आदारं कुर्यात्** ઉત્સાહથી પ્રારંભ કરીએ. જેમ નવી દુકાન કે નવા ધંધાની શરૂઆત કેવા ઉત્સાહથી કરીએ છીએ, તેમ આ ટેવનો પણ પ્રારંભ વિશ્વાસ અને ઉમંગથી કરીએ! એક સુંદર ડાયરી અને પેન લઈને એકાંતમાં નિશ્ચિત સમયે બેસીએ. ૪ વસ્તુની નોંધ કરીએ. ૧.આજના દિવસમાં એવી કઈ ઘટનાઓમાંથી હું પસાર થયો કે જેના માટે હું ધન્યતા અનુભવું છું? ૨. આજના દિવસમાં બનેલા પ્રસંગોમાં મારે ક્યાં સુધારો કરવો જોઈએ? ૩. આવતીકાલ માટેનું આયોજન અને પ્રાર્થના. સાધારણ જણાતી આ ચાર બાબતો જો સાતત્યતાપૂર્વક કરવામાં આવે તો ખાતરીપૂર્વક આ એક ટેવ આપણા જીવનમાં ટર્નિંગ પોઈન્ટ બની શકે તેમ છે. બેન અમાના - BOXROW કંપનીના CEO અને ફાઉન્ડર છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી ભણેલા આ યુવાનને Great British Entrepreneur Award દ્વારા Young Entrepreneur of the Yearનો એવોર્ડ પ્રાપ્ત થયો છે, જે યુવાનને જીવનના ૩ દાયકા પણ પૂરા થયા નથી અને તે UKની ૧૩મા નંબરની ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ કંપની ચલાવી રહ્યો છે. ૨૦૨૧માં તેની કંપનીનું રેવન્યુ ૬ મિલિયન પાઉન્ડનું હતું. પોતાની સફળતાનું રહસ્ય જણાવતાં તે કહે છે કે હું દરરોજ મારી જર્નલમાં સવારે ૩ વસ્તુ લખું છું - ૧. ત્રણ એવી બાબતો કે જેના માટે હું ગ્રેટફુલ છું. ૨. ત્રણ એવાં કાર્યો કે જે મારે આજના દિવસમાં મુખ્ય કરવાનાં છે. ૩. મેં કરેલી ત્રણ સારી બાબતો જેના માટે હું પોતાને અભિનંદન આપું છું. અને રાત્રે હું આ ડાયરીમાંથી પસાર થાઉં છું. આ ટેવ મારા જીવનને ખૂબ શિસ્તસભર રાખે છે.

રોજ આવી નોંધ કરવાથી એક જીવનશૈલી ઘડાય છે. જે જીવનમાં બનતી સારી ઘટનાઓ માટે આપણને જાગ્રત કરે છે. આપણી આંખો ખોલે છે, સારું જોવા માટે. જેથી જિંદગી વધુ જીવવા જેવી લાગે છે. આવતીકાલના દિવસને આપણી ઈચ્છા અનુસાર આકાર આપે છે. જે વ્યક્તિ પાસે આવતીકાલ માટેનું આયોજન નથી તેની જિંદગી લોકો ચલાવતા હોય છે કે પછી નવરું મન તેને ડ્રાઈવ કરે છે. પણ જે જાગ્રત છે તે પોતે જીવનને દિશા ચીંધે છે. બસ, દરરોજની ૧૫ મિનિટ - જીવનમાં નવા રંગો ભરી દેશે.

ગરબડ ક્યાં થઈ?



આપણાં બાળકોને આપણે સફળ કેમ થવું એ શિખવાડીએ છીએ, સફળ થવા મહેનત કરવાનું પણ કહીએ છીએ, પણ નિષ્ફળતાનો સામનો કેવી રીતે કરવો, એ શિખવાડતા જ નથી, જેથી સહેજ નિષ્ફળતા આવે તો માણસ ભાંગી પડે છે

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

થોડાં વર્ષો પહેલાંની વાત છે. એક બહુ જ હોશિયાર વિદ્યાર્થીએ આઈઆઈટી, ચેન્નાઈમાંથી B. Techની ડિગ્રી પ્રથમ ક્રમાંકે પાસ કરી. ત્યારબાદ તેણે અમેરિકા જઈને M.B.A.નો અભ્યાસ પૂર્ણ કરી એક ખ્યાતનામ કંપનીમાં ખૂબ ઊંચા પગારે નોકરી શરૂ કરી. જીવનના ક્રમ મુજબ સારી કન્યા સાથે લગ્ન પણ કર્યાં. પરણીને તેણે ત્રણ બેડરૂમનો ફ્લેટ પણ ખરીદ્યો. આમ, તેણે તેના જીવનમાં મોટાભાગે સફળતાઓ પ્રાપ્ત કરી હતી, પરંતુ આવા સુખીસંપન્ન અને તેજસ્વી યુવકે અચાનક જ એક દિવસ સપરિવાર આત્મહત્યા કરી. આ સમાચાર સાંભળીને આ યુવકના પરિચિતો હચમચી ગયા. આ પગલું ભરતાં પહેલાં એણે કાયદાકીય રીતે બધું સમજી વિચારીને પોતાની પત્ની સાથે ચર્ચા કરીને સ્યૂસાઇડ નોટ તૈયાર કરી હતી, જેમાં તેણે લખ્યું હતું કે, 'અત્યારની પરિસ્થિતિમાં આ જ પગલું શ્રેષ્ઠ છે.' એની આ સ્યૂસાઇડ નોટના આધારે California Institute of Integrated Studiesની clinical Psychology શાખાના નિષ્ણાતોને વિચાર આવ્યો કે, 'What Went Wrong ?' અર્થાત્ 'ગરબડ ક્યાં થઈ?' તેઓએ આ પ્રશ્નના સમાધાન માટે યુવકના જીવન ઉપર સંશોધન આરંભ્યું. દિવસો સુધી ચાલેલા આ સંશોધનના અંતે કેટલીક વિગતો તેઓના ધ્યાનમાં આવી. વાસ્તવિકતા કંઈક એવી હતી કે, અમેરિકામાં આવેલી આર્થિક મંદીના કારણે આ યુવકની નોકરી છૂટી ગઈ હતી. તેણે ખરીદેલા મકાનના હપ્તા ભરવામાં પણ હવે તેને સંઘર્ષ થતો હતો. આ કટોકટીમાંથી રસ્તો કાઢવા થોડી આવક ઊભી કરવા તેણે થોડા દિવસ પેટ્રોલપંપ ઉપર પણ નોકરી કરી હતી. પણ થોડા દિવસ આ નોકરી કરીને કંટાળેલા આ યુવકે છેવટે સપરિવાર આત્મહત્યા કરી લીધી.

નિષ્ણાતોને જણાયું કે, એના જીવનમાં પ્રશ્ન સો ટકા આવ્યો હતો પણ એ પ્રશ્ન એટલો મોટો નહોતો કે આવું પગલું ભરવું પડે. આથી તેઓએ આ કેસ સ્ટડીના અંતે તારણ કાઢ્યું કે This Man was programmed for success but he was not trained to handle failure.

અર્થાત્, 'આ વ્યક્તિને સફળ કેમ થવું એ શિખવાડવામાં આવ્યું હતું પણ નિષ્ફળતાનો સામનો કેવી રીતે કરવો, એ શિખવાડવામાં આવ્યું નહોતું.'

આ યુવકનાં મા-બાપે હંમેશાં એને પ્રથમ ક્રમાંકે કેવી રીતે આવવું, એની જ તાલીમ આપી હતી, પણ જીવનના ચઢાવ-ઉતારમાં કેવી રીતે સ્થિર રહેવું, તેનું પ્રશિક્ષણ આપ્યું નહોતું.

આ કેવળ, આ જ યુવકના વાલીની ખામી નથી પણ મોટાભાગના વાલીઓના ધ્યાનબહાર રહી જતી વિગત છે, કારણ કે સફળ થવા માટેની સતત અને સખત પ્રેરણાઓ વાલીઓ દ્વારા પોતાનાં સંતાનોને અપાય છે, પણ જીવનમાં મળતી નિષ્ફળતાઓ કે અપમાનોનો સામનો કેવી રીતે કરવો, એની વાત કરાતી નથી. વાલી તરીકે સંતાનોને સુવિધાઓ અને સગવડ ઉપરાંત સાચી સમજ આપવી, તે પણ તેમની ફરજ બની રહે છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ જીવનમાં આવતા આવા અનેક પ્રશ્નો સામે કેવી રીતે ટકી રહેવું તે જણાવતા કહે છે કે, 'જીવનમાં વિપરીત સંજોગો તો આવવાના પણ તે સમયે ભગવાનને સાચા હૃદયથી પ્રાર્થના કરવાથી જીવનમાં આવતા પ્રશ્નો સામે ટકી રહેવાય છે.'

આ વિધાનને સમજવા માટે એક સત્ય પ્રસંગ ઘણું શીખવી જાય તેમ છે. ફ્રાન્સના એક ધર્મસ્થાનમાં એક અપંગ સૈનિક પ્રવેશ્યો. કોઈકે એની ટીકા કરતાં કહ્યું કે, 'શું તું એમ માને છે કે, અહીં પ્રાર્થના કરવાથી ભગવાન તને નવો પગ આપી દેશે?' આ સાંભળીને સૈનિક બોલ્યો કે, 'મને ખબર છે કે ઈશ્વર મને નવો પગ નહીં આપે, પરંતુ મને શ્રદ્ધા છે કે એક પગથી જીવન જીવવાની શક્તિ તો તેઓ ચોક્કસ આપશે.'

ભગવાનને પ્રાર્થના કરવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ ક્યારેક સાનુકૂળ થાય અને ક્યારેક સાનુકૂળ ન પણ થાય, પણ એટલું તો ચોક્કસ છે કે પરિસ્થિતિ સામે લડવાનું બળ તો તેઓ આપે જ છે. ઇતિહાસનાં પૃષ્ઠો પણ આ વાતની સાક્ષી પૂરે છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, સંત તુકારામ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ જેવા ભક્તોનાં જીવનમાં આપણા કરતાં અનેક ગણી વધુ મુશ્કેલીઓ આવી છે, પણ એ મુશ્કેલીઓની વચ્ચે પણ તેઓ ક્યારેય વિચલિત થયાં નથી. એનું કારણ એક જ છે કે તેઓને ભગવાનની પ્રાર્થનામાં અત્યંત શ્રદ્ધા હતી. આ વિષય તર્કથી સમજી શકાય એમ નથી, કારણ કે વિષય શ્રદ્ધાનો છે. પણ એક વાત તો ચોક્કસ છે કે, આ માર્ગે ચાલનારા ક્યારેય પસ્તાતા નથી.

વક્તવ્ય અને કર્તવ્ય

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'કોઈ પણ વાત બોલી નાખવી ખાંડ જેવી મીઠી છે પણ એ પ્રમાણે વર્તીને બતાવવું એ તપાવેલા લોખંડની સાંકળને ગળામાં પહેરવા જેવું આકરું છે. આદર્શ આચારરૂપી વાણી વધ્યા પછી તે પ્રમાણે વર્તી બતાવે એવા વિરલા બહુ દુર્લભ હોય છે.'

આ દુનિયામાં જાતજાતના અને ભાતભાતના મનુષ્યોનો આપણે રોજબરોજ સામનો કરવો પડતો હોય છે. જેને મોટા ભાગે બે પક્ષોમાં વહેંચી શકાય - પ્રભાવ પાડનારા અને પ્રભાવિત થનારા; સમૂહને દોરનારા અને ગાડરિયા પ્રવાહમાં વહી જનારા; અધ્યાત્મવાદી અને ભૌતિકવાદી; મુશ્કેલી આવતાં જ જીવનમાં હારી જનારા અને વિઘ્નોની વણઝારમાં પણ બાજી મારી જનારા... યાદી તો ઘણી લાંબી બને એમ છે, પરંતુ આજે આપણે એક વિશિષ્ટ પક્ષની વાત કરવાના છીએ.

આપણી સંસ્કૃતિમાં સદીઓથી આ કહેવત ગવાતી આવી છે:

"કહેણી મિસરી ખાંડ હે, રહેણી તાતા લોહ; કહેણી કહે ઔર રહેણી રહે, ઐસા વિરલા કોક."

અર્થાત્ 'કોઈ પણ વાત બોલી નાખવી ખાંડ જેવી મીઠી છે પણ એ પ્રમાણે વર્તીને બતાવવું એ તપાવેલા લોખંડની સાંકળને ગળામાં પહેરવા જેવું આકરું છે. આદર્શ આચારરૂપી વાણી વધ્યા પછી તે પ્રમાણે વર્તી બતાવે એવા વિરલા બહુ દુર્લભ હોય છે.'

૧૯૮૯માં મુંબઈમાં એક પ્રખર સાહિત્યકાર હરીન્દ્રભાઈ દવેએ કહેલું કે 'અમે સદવર્તનની વાતો કરીએ છીએ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયના ગુરુ - પ્રમુખસ્વામી મહારાજ પણ વાતો કરે છે, પરંતુ એમની વાતોની અસર થાય છે. કારણ? જેમ બેંકમાં બેલેન્સ જમા હોય તો જ આપણે રકમ ઉપાડી શકીએ, એમ પ્રમુખસ્વામીનું આચરણ-વર્તનરૂપી બેલેન્સ એટલી વિપુલ માત્રામાં છે કે એમનો ચેક ક્યારેય બાઉન્સ થતો જ નથી! અમારામાં અને એમનામાં અહીંયાં ફરક પડે છે.'

બે સદી પહેલાં ભગવાન સ્વામિનારાયણે સમાજશુદ્ધિનું આંદોલન આદર્યું, તેમાં સંતોને ઘેરઘેર ફરીને ઉપદેશ આપવા માટે આજ્ઞા કરી. અને સદાચારના ઉપદેશક એવા આ સંતોને ઉચ્ચ આચરણના નિયમ-ધર્મ આપ્યા! ભગવાન સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક વારસદાર એવા પ્રમુખસ્વામી મહારાજે એ સિદ્ધાંતોને અવિચળ રાખીને, અણીશુદ્ધ નિયમધર્મયુક્ત જીવન જીવીને, વિશ્વવિખ્યાત 'રીડર્સ ડાયજેસ્ટ'ના સરવે અનુસાર 'દુનિયાની ૨૦ સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ'માં સ્થાન મેળવ્યું છે! ભારતવર્ષનાં કે વિદેશનાં ૧૭,૦૦૦થી વધુ ગામ-શહેરોમાં અવિરત વિચરણ કરીને મનુષ્યમાત્રને શુદ્ધ-ઉચ્ચ જીવનની પ્રેરણા આપનારા સ્વામીશ્રીએ પોતે ક્યારેય પણ નિયમ-ધર્મની લક્ષ્મણરેખાને ઓળંગી નથી.

એક વખત 'ગુજરાત મેલ' ટ્રેનમાં પ્રમુખસ્વામી મહારાજ આણંદથી મુંબઈ જતા હતા ત્યારે અધવચ્ચે જ ખ્યાલ આવ્યો કે ટિકિટ બુકિંગ કરનાર હરિભક્ત રિઝર્વેશનના ₹૫૦ ભરવાના ચૂકી ગયા હતા. ટિકિટ ચેકરે આ રકમ માંગી ત્યારે સ્વામીશ્રીએ વિનંતી કરી કે 'અમે મુંબઈ ઊતરીએ ત્યારે જે હરિભક્ત લેવા આવ્યા હશે એમની પાસેથી પૈસા માંગીને ચૂકવી દઈશું.' કારણ એ હતું કે સ્વામિનારાયણીય સાધુના સ્ત્રીધનના ત્યાગના નિયમનું દૃઢપણે પાલન કરનારા એમણે જિંદગીમાં કાણી પાઈ પણ પોતાની પાસે રાખી નહોતી! ત્યારે સહપ્રવાસીઓને આ બાબત કેવી આશ્ચર્યકારી લાગી હશે કે આવી વિશ્વવ્યાપી સંસ્થાના સર્વેસર્વા પ્રમુખસ્વામી આ પોતે જ છે! જેની પાસે ₹૫૦ પણ નથી!

નવી દિલ્હીસ્થિત અમેરિકાના કોન્સ્યુલ ઓફિસર ડેમિયન સ્મિથે પ્રમુખસ્વામી મહારાજનો પાસપોર્ટ જોયો ત્યારે એ દળદાર ગ્રંથ જેવા પાસપોર્ટમાં કુલ ૪૫થી વધુ દેશના વિઝા સ્ટેમ્પ જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે 'સ્વામીજીએ ઘણાબધા દેશોનો પ્રવાસ ખેડ્યો છે, પણ એમને ક્યાંયની હવા લાગી નથી!' આખું વિશ્વ ફરી લીધા પછી પણ, તેઓની રીતભાતમાં અણુ જેટલોય ફેરફાર થયો નહોતો. ગમે તે પરિસ્થિતિ હોય, શરીર, સ્વાસ્થ્ય કે સુવિધાનું જોખમ હોય, પરંતુ એ બધાને અવગણીને, તેઓનું નિયમધર્મયુક્ત આચરણ એવું ને એવું અડીખમ રહ્યું હતું!

આચરણના ઉત્તુંગ હિમાલયે બેઠેલા આ મહાપુરુષ એટલે જ તો સહુ કોઈનો પરમ આદર પામી લોકહૃદયના સમ્રાટ બની શક્યા. ભારત સાધુસમાજના પ્રમુખ પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીજી કહેતા કે, 'હમ સબ તો વક્તવ્યવાલે હૈં, લેકિન પ્રમુખસ્વામી કર્તવ્યવાલે હૈં...'

માત્ર એક જ વાક્ય પરંતુ તેના દ્વારા થયેલું આ વિરલ દર્શન આપણને આપણા જીવન અને આચરણ માટે અંતર્દૃષ્ટિ કરાવે છે. આપણે ઘરમાં કે નોકરી-ધંધામાં માત્ર સારીસારી વાતો કરીને બીજા સાથે કપટ કરીએ છીએ કે પછી એક વાર જે બોલ્યા હોઈએ, વચન આપ્યું હોય, તે પ્રમાણે વર્તી બતાવીએ છીએ? આપણું આચરણ આપણા હાથમાં જ છે. તે જોઈને, જાણે આપણાં મન-હૃદય-આત્મામાં રહેલા સાક્ષીરૂપી ભગવાન આપણને નિરંતર પૂછે કે 'આપ વક્તવ્યવાલે હૈં? યા કર્તવ્યવાલે હૈં?'

પુરુષાર્થ જરૂરી છે

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી



વિદ્યાર્થીને ઉત્તીર્ણ થવું હોય, ધનાર્થીને ધન મેળવવું હોય, નોકરી કરનારને પ્રમોશન મેળવવું હોય કે ધંધાર્થીને વ્યવસાય વિકસાવવો હોય... દરેકે સંસાર-સાગરની સફળ નૌકામાં બેસવા માટે પુરુષાર્થ રૂપી હલેસાં મારવાં જ પડે છે

શ્રીકના ઈતિહાસમાં 'ડેમોસ્થિનસ' નામના એક પ્રખ્યાત પ્રવચનકાર થઈ ગયા. એથેન્સમાં પ્રવચન કરવા જ્યારે તેઓ ઊભા થતા ત્યારે શ્રોતાગણ તેઓનું સંબોધન સાંભળીને મંત્રમુગ્ધ બની જતો, પરંતુ કારકિર્દીની શરૂઆતનાં વર્ષોમાં તેઓ સામાન્ય ઉદ્‌બોધન કરવા માટે પણ સક્ષમ નહોતા. તેમનું પહેલું જ પ્રવચન શ્રોતાગણ માટે ખૂબ જ હાસ્યસ્પદ બન્યું હતું. તે વખતે તો તેઓ શરમાઈને પ્રવચનસ્થળેથી ભાગી ગયા હતા, પરંતુ આ વક્તૃત્વ કળાને હાંસલ કરવાની તેઓના અંતરમાં રહેલી મક્કમતા ભાગી નહોતી. અને તેઓએ પ્રવચન શીખવાનો પુરુષાર્થ પ્રારંભ્યો. ત્યાંના લોક-ઑરેટર સેટિરસ પાસે જઈ માર્ગદર્શન મેળવ્યા બાદ તેઓએ અઠવાડિયાઓ સુધી ભોંયરામાં રહીને જ પ્રેક્ટિસ કરવાનો વિચાર કર્યો. એના માટે તેઓએ અડધા વાળ અને અડધી દાઢી મુંડાવી નાંખી, જેથી બહાર જવાનો વિચાર જ ન આવે. વાક્‌ગતિ સહજ બનાવવા જીભ ચોંટે નહીં તે માટે તેઓ મોઢામાં કાંકરી મૂકીને બોલવાનો પ્રયાસ કરતા; વળી સ્પષ્ટ ઉચ્ચારણ અને પૂરતો શ્વાસ લેવા માટે તેઓ ઢાળવાળી જમીન પર દોડતાં દોડતાં પણ બોલતા. પરિણામે, પોતાના પ્રચંડ પુરુષાર્થના ફળસ્વરૂપે તેઓ સમયાંતરે ખૂબ જ પ્રભાવક પ્રવચનકાર બન્યા.

વાત છે પુરુષાર્થની! પશુ હોય કે મનુષ્ય, અબુધ હોય કે બુદ્ધિવાન; દરેકને કાંઈક પામવા માટે 'પુરુષાર્થ'ને પોતાનો પર્યાય બનાવવો જ પડે છે.

અનાજના કણ પર નિર્ભર રહેતી કીડી, તેને મેળવવા આખો દિવસ દોડતી જોવા મળે છે. અરે, સિંહ ભલે વનનો રાજા હોય કે જેની ત્રાડથી હાથીના કુંભસ્થળ ફાટી જતા હોય; જેની ડણકથી હરણનાં ગાત્રો ગળી જતાં હોય, પરંતુ તેને પણ ખોરાક માટે તો પોતાનો પંજો ઉગામવો જ પડે છે.

વિદ્યાર્થીને ઉત્તીર્ણ થવું હોય, ધનાર્થીને ધન મેળવવું હોય, નોકરી કરનારને પ્રમોશન મેળવવું હોય કે ધંધાર્થીને વ્યવસાય વિકસાવવો હોય... દરેકે સંસાર-સાગરની સફળ નૌકામાં બેસવા માટે પુરુષાર્થરૂપી હલેસાં મારવાં જ પડે છે, જેનો કોઈ વિકલ્પ નથી. જેની વાત કરતાં એક પ્રસિદ્ધ પુસ્તક 'કેલ્વિન કૂલિજ'માં લખાયું છેઃ 'Nothing in the world can take place of persistence, because persistence is omnipotent.' અર્થાત્, 'દુનિયામાં એક પણ વસ્તુ એવી નથી કે જે પુરુષાર્થનું સ્થાન લઈ શકે, કારણ કે તે ખૂબ જ મહત્ત્વનું બળ ધરાવે છે.'

મહાભારતના શ્રેષ્ઠ બાણાવળી અર્જુન પુરુષાર્થની અનોખી મૂર્તિ હતા. અંધારામાં પણ જો ભોજનનો કોળિયો બે હોઠ સુધી પહોંચી શકતો હોય તો પછી ધનુષ્યમાંથી છૂટેલા બાણ વડે નિશાન કેમ ન પડે? આ વિચારને સઘન પુરુષાર્થનો ઓપ આપી અર્જુન સિદ્ધ બન્યો.

દિલીપ - અંશુમાન - ભગીરથ! ત્રણ ત્રણ પેઢીના મહાપુરુષાર્થ પછી સ્વર્ગવાસી પુનિત ગંગામૈયાનું આ લોકમાં આગમન થયું.

ખરેખર, પુરુષાર્થ એક પારસમણિ છે. ઇચ્છિત મનોરથ રૂપી લોહને તેનો સ્પર્શ થતાં જ તે સોનું બની જાય છે. આથી જ વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજ કહેતાં : "પરિશ્રમ વગર કોઈ વસ્તુની સિદ્ધિ થતી નથી. પરિશ્રમ કરનાર પર ભગવાન વગર માંગ્યા આશીર્વાદ આપે જ છે."

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંપર્કમાં કમલ નામનો એક યુવક આવ્યો. તેનું જીવનકમલ વ્યસન, કુસંગ, ચોરી, ઝઘડા વગેરે દુરાચારોના કારણે અધોમુખ બની ગયેલું. પ્રમુખસ્વામી મહારાજે આ યુવકને તેના ફંદામાંથી મુક્ત કરવા કમર કસી. તેઓએ તે યુવકને પોતાની સાથે જ વિચરણમાં જોડી દીધો; અને દરરોજ સમય કાઢીને તેને બળપ્રેરક વાતો કરવાનું શરૂ કર્યું. કોઈને પણ એલર્જી ઉપજાવે એવા આ કમલના વ્યક્તિત્વથી સ્વામીશ્રી ક્યારેય હાર્યા-કંટાળ્યા નહીં. ત્યાં સુધી કે તેઓએ એક સદ્‌ગૃહસ્થને પણ કમલની દેખરેખમાં રાખ્યા. મહિનાના અંતે સૌનાં આશ્ચર્ય વચ્ચે કમલનું સમૂળું પરિવર્તન થઈ જતાં તે સુખ અને શાંતિ અનુભવી રહ્યો.

પ્રમુખસ્વામી મહારાજે આવી એક-એક વ્યક્તિના જીવનમાં રસ લીધો છે, જેના પરિપાક રૂપે તેમણે ૪૦ લાખથી વધુ લોકોનો વ્યસનમુક્ત સમાજ તૈયાર કર્યો. કેવળ ૪૫ વર્ષમાં જ ૫૨ દેશોનાં ૧૮૦૦૦ ગામડાંઓમાં વિચરીને તેઓએ અસંખ્ય હૃદય-પરિવર્તનો કર્યાં છે.

તો આવો, આપણે પણ પુરુષાર્થને જીવનમાં યોગ્ય રીતે વણી પૂર્ણ સફળ બનીએ...

સોનાની શોધ

+વાઇબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક લેખકે પોતાનો અનુભવ ટાંકતાં કહ્યું છે કે, 'મારે સાંભળવામાં આવ્યું કે જે વ્યક્તિ પ્રત્યે તમને ઘૃણા હોય તેના ગુણોનો વિચાર કરવાથી સકારાત્મક પરિણામો આવે છે. મને મારા પિતા પ્રત્યે અત્યંત ઘૃણા હતી. આથી મેં આ પ્રયોગ એમના ઉપર જ કરવાનો વિચાર કર્યો. અમારા બે વચ્ચે મોટો ઝઘડો તો ન થતો, પરંતુ સામાન્ય વાતચીત પણ માંડમાંડ થઈ શકે એટલી હદે પરિસ્થિતિ વણસી હતી. દુર્ભાગ્યવશ મને એમની ભૂલ સિવાય બીજું કાંઈ નજરમાં આવતું જ ન હતું. આ દુર્ભાગ્યમાંથી મારે મુક્ત થવું હતું. મેં ત્રણ અઠવાડિયાંનો ચાર્ટ બનાવ્યો. પિતાની ભૂલો ન જોવાનું નક્કી કર્યું અને ઉલટું એમની પ્રશંસનીય ટેવો જોવા માટે સંકલ્પ કર્યો.

પહેલા દિવસે તો એમની સારી ટેવ જોવાનું મારા માટે ખૂબ જ કઠણ સાબિત થયું. છતાં બીજા દિવસે મેં હિંમત રાખી એમનાં વખાણ કર્યાં. પોતાનાં વખાણ સાંભળીને તેઓએ મારા તરફ હળવું સ્મિત કર્યું, જેની મને સખત ચીડ હતી. મને લાગ્યું કે હું આ કાર્યક્રમમાં સફળ નહીં થઈ શકું છતાં પ્રયત્ન ચાલુ રાખ્યો.

ત્રણ અઠવાડિયાં સુધી મારો પુરુષાર્થ ચાલુ રાખ્યો અને ખરેખરા મને પોતાને વિશ્વાસ ન આવે એવી સિદ્ધિ મેં મેળવી લીધી હતી. એમની પ્રશંસા કરવાનું, એમના ગુણ જોવાનું મારા માટે સાવ સહજ થઈ ગયું. ધીરેધીરે, સદગુણો તરફ નજર રાખતા જવાથી મારી એમના પ્રત્યેની ઘૃણા આજે ગાયબ છે. ત્રણ અઠવાડિયાંના પ્રયોગ પછી છેલ્લા દિવસે એમણે મને કહ્યું: 'તારામાં ખૂબ પરિવર્તન આવ્યું છે!' ત્યારે મેં કહ્યું: 'મને તમારામાં ખૂબ પરિવર્તન દેખાય છે.'

સામાન્ય રીતે આપણે સામેવાળી વ્યક્તિની ક્ષતિઓ જોવા માટે ટેવાયેલા છીએ. આપણને એના સ્વભાવો પરેશાન કરે છે પણ મહાપુરુષો આ સંબંધી અદભુત દૃષ્ટિકોણ આપે છે.

તા. ૮-૪-૧૯૮૪ના રોજ બેલ્જિયમ સ્થિત પ્રમુખસ્વામી મહારાજને એક ભક્તે પ્રશ્ન પૂછ્યો, 'અમને સ્વભાવનું ઘર્ષણ થતાં સામેની વ્યક્તિમાં એ જ દેખાય. આપ તો દરેકનો સ્વભાવ જાણો છો છતાં કઈ દૃષ્ટિ રાખો છો?' સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો કે, ભગવાન ને સંત કોઈના ગુના સામે જોતા જ નથી. જાણવા છતાં નહીં જોવાનું, દેખવા છતાં આંધળા થવાનું, સાંભળવા છતાં બહેરા થવાનું. સામેની વ્યક્તિમાં ૯૯ અવગુણ હોય, પણ એક ગુણ તો હોયને?'

'સામેની વ્યક્તિમાં ૯૯ અવગુણ હોય, પણ એક ગુણ તો હોયને?' બે લીટીના આ ઉત્તરમાં તેઓએ ખૂબ જ સુંદર રાહ ચીંધી દીધો. આપણે પણ અભ્યાસ કરીશું તો ખ્યાલ આવશે કે ખરેખર સામેવાળી વ્યક્તિ આપણે જેટલી માનીએ છીએ એટલી બધી બેકાર નથી હોતી. એમાં પણ સદગુણોનો રાશિ કોઈક ખૂણામાં તો પડેલો હોય જ છે. આપણે બસ કેવળ એ શોધી કાઢવાનો હોય છે.

એક વખત અમેરિકાની સૌથી મોટી સ્ટીલ કંપનીનો માલિક ઍન્ડ્રુ કાર્નેગીને કોઈએ પૂછ્યું કે, 'તમે લોકો સાથે કેવી રીતે વર્તો છો?' કાર્નેગીએ જવાબ વાળ્યો કે, 'લોકો સાથે વર્તવું, એ સોનાનું ખોદકામ કરવા બરાબર છે. એક તોલો સોનું શોધવા લાખો ટન માટી હટાવવી પડે, પરંતુ તમે જ્યારે ખોદવા જાવ છો ત્યારે માટીની શોધમાં નહીં, પણ સોનાની શોધ માટે જાવ છો. હજારો અવગુણ હોય, પણ તેમાં ઉપયોગી ગુણ જોઈ કામ સાધી લઉં છું.'



> **આપણે જ્યારે આપણી જાતની તપાસ કરીશું તો આપણને જણાશે કે આપણને હંમેશાં બધેથી સારી વસ્તુ જ મેળવવાની ઇચ્છા રહે છે. આપણને નરમ પોસાતું જ નથી. તો પછી કેમ આપણે સામેવાળી વ્યક્તિમાંથી પણ સોનું શોધવાની એટલે કે સારું ગ્રહણ કરવાની આદત ન પાડીએ...**

આપણને ખૂંચતી અથવા જેની સાથે વ્યવહાર કરવાનો છે તે વ્યક્તિને બદલવા કરતાં આપણે આપણો દૃષ્ટિકોણ બદલી નાંખીએ એ ડહાપણભર્યું પગલું કહેવાય. સામેવાળી વ્યક્તિમાં ભલે ગમે એટલી ખામીઓ હશે, પણ શોધીશું તો કોઈક ખૂબીઓ તો જડી જ આવશે.

Baps સંસ્થાના વર્તમાન ગુરુ પૂજ્ય મહંતસ્વામી મહારાજ ઘણી વખત કહે છે કે, 'આપણા યોગમાં આવનારી વ્યક્તિમાં પણ ભલે દુર્ગણો અને સદગુણો-બંને હોય પણ એમાંથી આપણે સદગુણો ગ્રહણ કેમ ન કરીએ?'

આપણે જ્યારે આપણી જાતની તપાસ કરીશું તો આપણને જણાશે કે આપણને હંમેશાં બધેથી સારી વસ્તુ જ મેળવવાની ઈચ્છા રહે છે. શાકભાજી લેવા જઈએ કે મકાન ખરીદવા જઈએ, ગાડી લાવવી હોય કે નોકરી મેળવવી હોય, આપણને નરમ પોસાતું જ નથી. તો પછી કેમ આપણે સામેવાળી વ્યક્તિમાંથી પણ સોનું શોધવાની એટલે કે સારું ગ્રહણ કરવાની આદત ન પાડીએ?

આગળ વધવાની ચાવી

'જ્યારે પરિસ્થિતિ માણસને અનુકૂળ હોય ત્યારે તો તે સુખી હોય છે, પરંતુ જે માણસ પોતાના ઊંચા અભિગમથી પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે તે સૌથી વધુ સુખી હોય છે.' તેથી કોઇપણ હાલતમાં અભિગમ ઊંચો અને મજબૂત રાખશો તો ક્યારેય દુઃખી નહીં થાવ

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

માણસને ઊંચાઈ પકડવી પણ ગમે છે. વિદ્યાર્થી હોય કે વેપારી, નેતા હોય કે નાટ્યકાર, ખેડૂત હોય કે ખેલાડી, દરેકને પોતાના ક્ષેત્રમાં ઊંચાઈએ પહોંચવું ગમે છે. તેમાં એક પ્રકારનો આનંદ આવે છે.

પરંતુ, મહાપુરુષોનાં જીવનમાંથી એક નક્કર વાસ્તવિક્તા એ જાણવા મળે છે કે સંસારી કે લૌકિક ઊંચાઈને આંબવા છતાં જે શાંતિ, સ્થિરતા કે પ્રસન્નતાનો અનુભવ નથી થતો તે અનુભવ વ્યક્તિ અભિગમની ઊંચાઈથી પ્રાપ્ત કરી શકે છે.

અભિગમ એટલે વલણ (Attitude). પરિસ્થિતિ કે સંજોગોને જોવાનો એક સૈદ્ધાંતિક સમજણ સાથેનો દૃષ્ટિકોણ. જેને લીધે આપણે અંતરથી સુખી રહી શકીએ.

અંગ્રેજી લેખક Aldous Huxley (એડલ્સ હક્સલી) લખે છે કે, 'Experience is not what happens to a man, it is what a man does with what happens to him.'- 'અનુભવ એ નથી કે જે માણસ સાથે બને છે, (પરંતુ) અનુભવ એ છે કે માણસ તેની સાથે જે બન્યું છે તેનો કેવો પ્રતિભાવ આપે છે.'

મહારાષ્ટ્રના સંત એકનાથ ગોદાવરી નદીમાં સ્નાન કરીને પાછા વળતા હતા. ત્યાં જ એક દ્વેષી તેમના ઉપર થૂંક્યો. એકનાથ કાંઈ પણ બોલ્યા વિના ફરીથી સ્નાન કરી આવ્યા. તે વ્યક્તિ ફરીથી થૂંક્યો. આવું ૧૦૦ વાર બન્યું.

ભલભલો માનસિક સંતુલન ગુમાવી બેસે તેવી આ પરિસ્થિતિમાં એકનાથજી જરાય વિચલિત ન થયા. ક્રોધ ન કર્યો. થૂંકનારને પસ્તાવો થયો. એકનાથજી કહે, 'તારે દુઃખી થવાની જરૂર નથી. મારે રોજ એક વખત જ સ્નાન કરવાનો નિયમ હતો. આજે તારી કૃપાથી ૧૦૦ વખત સ્નાન કરવાનો લાભ મળ્યો.'

એક વાર રામકૃષ્ણ પરમહંસને કોઈકે પ્રશ્ન પૂછ્યો કે, 'સાધુની વ્યાખ્યા શું?' પરમહંસ દેવ કહે, 'તારા મનમાં શું છે?' તે માણસ કહે, 'રોટલો મળે તે ખાઈ લેવો ને ન મળે તો અફસોસ ન કરવો.'

પરમહંસ દેવનો અભિગમ ઊંચી સમજણ સાથેનો હતો. તેઓ કહે, 'સાધુ એટલે રોટલો મળે તો વહેંચીને ખાઓ અને ન મળે તો ભગવાનનો આભાર માનવો કે આજે તમે મને તપ કરવાનો અવસર આપ્યો.'

એક ચિંતકે કહ્યું છે કે, 'જ્યારે પરિસ્થિતિ માણસને અનુકૂળ હોય ત્યારે તો તે સુખી હોય છે, પરંતુ જે માણસ પોતાના ઊંચા અભિગમથી પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે તે સૌથી વધુ સુખી હોય છે.'

જેમ સુખનો સંબંધ અભિગમ સાથે છે, તેમ સદ્ગુણોનો આધાર પણ અભિગમ જ બને છે. દરેક શુભ વર્તનનાં મૂળમાં કોઈ ઉત્કૃષ્ટ અભિગમ રહેલો હોય છે. જેમની પાસે અભિગમની ઊંચાઈ છે, તે જ સાચા અર્થમાં પરોપકાર કરી શકે છે અને હિતકારી બની શકે છે.

પરકાજે જીવનારા સંત પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અંતરમાં પણ જે ઉચ્ચ અભિગમ હતો, તે જ તેમના પ્રેરક સેવાકાર્યમાં પ્રતિબિંબિત થતો હતો.

તેઓના જનસેવાના વિરાટ અભિયાનમાં એક નોંધપાત્ર કહી શકાય એવું પ્રદાન છે સમાજમાં પછાત ગણાતા આદિવાસી સમાજના સર્વાંગી ઉત્કર્ષનું. આ માટે તેઓ ગામડે ગામડે અને ઘરે ઘરે ઘૂમ્યા છે.

આ આદિવાસી વિસ્તારની કેટલીક કઠણાઈ જણાવતાં એક કાર્યકર્તાએ પ્રમુખસ્વામી મહારાજને એક વાર નિખાલસભાવે જણાવેલું કે, 'સ્વામી! આ એવો વિસ્તાર છે કે ઘણી વાર સંતો ઘરે ઘરે પગલાં કરે તો પણ ગાડીના ડીઝલના ખર્ચા જેટલીયે ભેટ ભગવાનના ચરણે નથી આવતી.'

આ અણસમજને સુધારતાં સ્વામીશ્રીએ કહ્યું, 'આપણે ત્યાં સત્સંગ કરાવવા માટે જવાનું છે. પૈસા માટે નહીં. સૌ વ્યસન-દૂષણ મૂકે તો જીવનમાં આગળ વધે તે માટે જવાનું છે.' સૌનું ભલું કરવાનું તેઓનું શુદ્ધ વલણ તેમની નિઃસ્વાર્થ સેવાભાવનાનું મૂળ હતું. આથી જ કોઈ સદાચારના માર્ગે આગળ વધે તેને તેઓ પોતાના માટે મોટી ભેટ સમજતા.

એક આદિવાસી વિસ્તારમાં વિચરણ દરમિયાન એક ભક્તે પધરામણીમાં સવા રૂપિયો ભેટ મૂકી સંકોચાતા હૈયે કહ્યું, 'સ્વામી! અમારી પાસે જે છે તે આપીએ છીએ.' આ સમયે પ્રમુખસ્વામી મહારાજ પ્રેમથી બોલી ઊઠ્યા, 'તમે બધાં વ્યસનો છોડી ભગવાનની ભક્તિ કરો છો તે અમારે મન લાખો રૂપિયાની ભેટ જ છે!'

જેમણે આવી અભિગમની ઊંચાઈ પ્રાપ્ત કરી છે, તેઓ કોઈ પણ બાહ્ય પરિસ્થિતિ કે પરિવેશમાં અટવાયા વિના શાનદાર સેવા કરી શક્યા છે.

આવો, આવા મહાપુરુષોના પગલે આપણે પણ ઉચ્ચ સમજણ સાથેનો અભિગમ કેળવીએ અને સુખ તથા સદ્ગુણોની સમૃદ્ધિ વધારતા રહીએ.

કાયમી ઘરેણું

પતિ અને પત્ની વચ્ચે એવો સંબંધ ઘડાય કે પોતાની ભૂલ થતાં તેઓ એકબીજાની માફી આદરપૂર્વક માંગી લે... આવું કરવાથી કેટકેટલી તિરાડો આપોઆપ પુરાઈ જાય? કેટકેટલી સમસ્યા આપોઆપ સોલ્વ થઇ જશે એટલે દરેક કપલે આ વાતને ચોક્કસ અનુસરવી જોઇએ

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'I am Sorry...મારાથી ભૂલ થઈ ગઈ...મને માફ કરશો...'

જો સર્વેક્ષણ કરવામાં આવે તો પરસ્પરના વ્યવહારમાં બોલાતી શબ્દાવલિઓમાં કદાચ બોલનારને સૌથી અઘરાં લાગે એવાં આ વાક્યો છે. એમાં પણ જ્યારે પોતાની ભૂલ ન હોય ત્યારે તો આ શબ્દો બોલી જ નથી શકાતા. પણ જે લોકોએ હિંમત કરીને આ શબ્દો અંતરથી ઉચ્ચાર્યા છે, તે લોકો ચમત્કારી પરિણામ પામ્યા છે.

રશિયામાં એક સમયે ખેડૂતો ગુલામ ગણાતા. આ પ્રથામાંથી છુટકારો મેળવવા માટે ખેડૂતો પહોંચ્યા ત્યાંના પાદરી બિશપ ટિયન પાસે. આ પરગજુ પાદરીએ ગુલામીપ્રથાની નાબૂદી માટે બીડું ઝડપ્યું. તેઓ અત્યાચારી જમીનદાર પ્રિન્સ વાયોનેઝ પાસે ગયા. પાદરીના પરોપકારને 'પારકી પંચાત' ગણી વાતચીત દરમિયાન જમીનદારે બિશપને એક થપ્પડ મારી દીધી. બિશપ ગુસ્સે થઈને બહાર નીકળી ગયા, પરંતુ કંઈક અંતર્દષ્ટિ થતાં પાછા વળ્યા અને જમીનદારના પગ પકડીને બોલ્યા કે, 'આપને હું ઉપદેશ દેવા આવ્યો, પણ સારી રીતે વાત ન કરી શક્યો તે માટે હું જ ગુનેગાર છું. તમારો કોઈ ગુનો નથી. i am sorry.'

આ શબ્દો સાંભળતાં જ તે જમીનદારનું હૃદય પીગળી ગયું. પાદરીના આ પ્રતિસાદમાં તે જમીનદારને ગુલામોનો સાદ સંભળાયો અને તેણે અન્ય જમીનદારો સાથે મળીને ખેડૂતોને હક આપવાનું નક્કી કર્યું.

ખરેખર, ઉદ્ધતાઈ સામે નમ્રતાનું બળ સફળ બને છે. આ જ વાતની પુષ્ટિ કરતાં એક વિદેશી લેખક રાલ્ફ સોકમેને કહ્યું છે કે, 'નમ્રતા મોટું બળ છે. સાચું બળ કદી ઉદ્ધત હોતું નથી.'

મહાપુરુષોમાં આવું નમ્રતાનું બળ હોય છે. તેઓ ક્યારેય ઉદ્ધત થતા નથી.

વર્ષો પહેલાંની વાત છે. સન ૧૯૮૮માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એક વખત ન્યૂયોર્ક ખાતે બિરાજમાન હતા. એક સવારે ભક્ત સમુદાયની સભામાંથી યોગી નામનો એક પાંચ વર્ષનો બાળક ઊભો થયો. સંતોની આજ્ઞાથી તેણે પોતાની કાલીઘેલી ભાષામાં પ્રવચન શરૂ કર્યું. પ્રમુખસ્વામી મહારાજ પણ ખૂબ રસપૂર્વક આ બાળકને સાંભળી રહ્યા હતા. એવામાં ભારતથી એક અગત્યનો ફોન-કૉલ આવતાં તેઓ થોડી મિનિટો માટે તેમાં વ્યસ્ત થયા. તે દરમિયાન સભામાં થોડી ચહલપહલ થઈ, તેથી યોગીને એમ થયું કે કોઈ મને સાંભળતું નથી. તે રડવા લાગ્યો. બધાએ તેને શાંત કર્યો. સ્વામીશ્રીનો ફોન-કૉલ પૂર્ણ થતાં તેઓએ તરત જ યોગીને વાત આગળ ધપાવવા ઈશારો કર્યો. યોગી ચૂપ રહ્યો. તેના રડમસ મુખને તરત જ વાંચી જતાં સ્વામીશ્રીએ કહ્યું, 'મને માફ કરજે, હવેથી હું શાંતિથી સાંભળીશ. તું બોલવાનું શરૂ કર...' એમ કહી જ્યાંથી એ બાળકે વાત અટકાવી હતી તે પહેલાંનું બધું જ તેને યાદ કરાવ્યું, પછી કહે, 'હવે આગળ બોલ.' યોગીને લાગ્યું કે સ્વામીશ્રીએ મારું બધું જ સાંભળ્યું છે; તેનું મુખ મલકાઈ ઊઠ્યું, અશ્રુઓ ઓઝલ થઈ ગયાં. પુનઃ તેની વાચા ફૂટી નીકળી. અંતે સ્વામીશ્રીના હાથે પ્રસાદ-આશીર્વાદ મળતાં તે ખુશખુશાલ થઈ ગયો.

આ પ્રસંગના સાક્ષીઓ એક બાળકની માફી માંગનાર સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની મહાનતા ઉપર ઓવારી ગયા.

અમેરિકાના વિખ્યાત વૈજ્ઞાનિક અને તત્ત્વજ્ઞાની બેન્જામિન ફ્રેન્કલીને સાચું જ લખ્યું છે કે, 'ઉપરી પ્રત્યે નમ્રતા રાખવી એ કર્તવ્ય છે; સરખેસરખા પ્રત્યે નમ્રતા રાખવી એ વિવેક છે પણ તેનાથી નાના પ્રત્યે નમ્રતા રાખવી એ મહાનતા છે.'

વળી પરિવારમાં પણ જે વ્યક્તિ નમ્ર બને છે તે જ અંતે સૌના આદરનું પાત્ર બને છે. અટંટ રહેનાર વ્યક્તિ શરૂઆતમાં સફળ થતી જણાશે પણ સમયાંતરે તેણે લોકોનો આદર ગુમાવી દીધો હશે.

કલ્પના કરો, વાલી અને સંતાનો વચ્ચે એવો સંબંધ રચાય કે, પોતાની ભૂલ થતાં તેઓ એકબીજાની માફી નિખાલસતાથી માંગી લે...

પતિ અને પત્ની વચ્ચે એવો સંબંધ ઘડાય કે પોતાની ભૂલ થતાં તેઓ એકબીજાની માફી આદરપૂર્વક માંગી લે...

આવું કરવાથી કેટકેટલી તિરાડો આપોઆપ પુરાઈ જાય? માટે જ હિંમત ભેળી કરીને ગમે તેમ કરીને પણ જો આપણે એ માર્ગે ચાલવાનો પ્રયત્ન કરીશું તો અવશ્ય સુખ અને શાંતિ પ્રતિ ગમન કરીશું.

આવો, મહાપુરુષોને અનુસરીને આપણે પણ આ નમ્રતાને આપણું કાયમી ઘરેણું બનાવી દઈએ.

It's a slip, not a fall

ઈ.સ. ૧૯૫૮માં એક મોડી રાત્રે અમેરિકાના એક શહેરમાં એક વ્યક્તિ તાર ઓફિસમાં સેનેટરની ચૂંટણીના પરિણામની રાહ જોતી બેઠી હતી. ચૂંટણીનું પરિણામ આવવા લાગ્યું. સેનેટર તરીકે ઊભેલા તેઓ દરેક સ્થળે હારી રહ્યા હતા. જ્યારે જીતવાની કોઈ આશા ન રહી ત્યારે જિંદગીની એક વધુ નિષ્ફળતાના ભાર સાથે તેમણે તાર ઓફિસ છોડી. અંધારી રાત્રે વરસતા વરસાદમાં, અત્યાર સુધી જીવનના દરેક મોરચે હારને વરેલા તેઓના પગ પણ આજે મનની સાથે તાલ ચૂક્યા, ને તેઓ કાદવમાં લપસ્યા! બીજી જ ક્ષણે ગુમાવેલું નિયંત્રણ મેળવી સ્થિર થતાં તેઓ બોલી ઊઠ્યા, 'It's a slip, not a fall.' 'આ તો માત્ર લપસ્યો છું, આ પતન નથી.'

અંધારી રાત્રે અટવાતા આ મહાપુરુષ એટલે અમેરિકાના સૌથી સફળ અને લોકચાહક રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકન!

મુશ્કેલીઓ તેઓના જીવનનો પર્યાય બની ગઈ હતી. જીવનના ૨૨મા વર્ષે શરૂ કરેલા ધંધામાં ખોટ આવતા તેમણે ૨૩મા વર્ષે ધારાસભ્યની ચૂંટણીમાં ભાગ લીધો. ત્યાં પણ નસીબે સાથ ન આપતાં તેઓએ ફરી ૨૪મા વર્ષે ધંધામાં હાથ અજમાવ્યો. જોકે, એમાં પણ બરકત ન થઈ. તેઓએ ૨૫મા વર્ષે ફરી ધારાસભ્યની ચૂંટણીમાં ભાગ લીધો. આ વખતે ભાગ્યએ રંગ બદલ્યો ને તેઓ પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા. હજુ તો ભાગ્યને વખાણે તે પહેલાં જ ૨૬મા વર્ષે જીવને જુદો ઝટકો આપ્યો, પ્રેમિકાનું અકાળે અવસાન! 27મા વર્ષે રાજકારણમાં ભયંકર પડતી આવી અને શરૂ થઈ સતત હારની શૃંખલા! ૨૯મા વર્ષે સ્પીકર, ૩૧મા વર્ષે ઈલેક્ટર, ૩૪મા વર્ષે કોંગ્રેસમેન અને ૩૯મા વર્ષે ફરી કોંગ્રેસમેન, ૪૬મા વર્ષે સેનેટ, ૪૭મા વર્ષે વાઈસ પ્રેસિડેન્ટ અને ૪૯મા વર્ષે સેનેટની ચૂંટણીમાં હાર, હાર ને હાર! લિંકનની આ કમનસીબી વિશે એક તંત્રીએ લખ્યું હતું કે, 'ઈલિનોયના બધા જ પોલિટિશિયનોમાં લિંકન સૌથી દુર્ભાગી માણસ છે. તેઓને એટલી બધી વાર નિષ્ફળતા સાંપડી છે કે તેની જગ્યાએ બીજો કોઈ માણસ હોય તો છૂંદાઈને રોટલો થઈ ગયો હોય.'

જોકે, પ્રશ્નોની સામે સતત ઝઝૂમનારા આ મહાપુરુષ માત્ર ત્રણ વર્ષ બાદ સૌના આશ્ચર્યની વચ્ચે, અમેરિકાના સોળમા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.

મિત્રો, મોટા પુરુષોનાં જીવનની આ જ વિશેષતા હોય છે કે તેઓ પરિસ્થિતિની સામે ક્યારેય ઝૂકતા નથી.

આપણાં જીવનમાં પણ રોજબરોજ આવી તો ઘણી મુશ્કેલીઓ આવતી હશે. આ મુશ્કેલીઓમાં જો આપણે હિંમત હારી ગયા તો પછી ક્યારેય આપણે સફળતા સુધી નહીં પહોંચી શકીએ

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ઘણી વાર કહેતા કે, 'મુશ્કેલીમાં કરીએ તેને જ કામ કર્યું કહેવાય.' લોકહિતાર્થે તેઓએ BAPS સંસ્થાના પ્રમુખ તરીકે જીવનનાં પાંચ-પાંચ દાયકાઓ સુધી કરેલાં કાર્યો તેઓના ઉપરોક્ત કથનનું પ્રતિબિંબ ઝીલે છે. એમાં પણ અમેરિકાના ચિનો હિલ્સ વિસ્તારમાં ગુલાબી પથ્થરમાંથી બનેલું ભૂકંપરોધક (Earthquake proof) મંદિર તો આ વાતનું ઉત્તમ ઉદાહરણ છે.

સને ૧૯૮૪માં કેલિફોર્નિયામાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો હતો કે, 'અહીંયાં શિખરબદ્ધ મંદિર થાય તો સારું.' તે વખતે અમેરિકાના આ વિસ્તારમાં સત્સંગી પરિવારોની સંખ્યા ખૂબ પાંખી તેમ છતાં તેઓએ જમીનનું સંપાદનકાર્ય શરૂ કરાવ્યું.

મંદિર માટે પસંદ થયેલી જમીન પર જ્યારે મંદિરનિર્માણની કાર્યવાહી આરંભી ત્યારે ખબર પડી હતી કે આ જમીન ભૂકંપરેખાથી ઘણી નજીકની છે, જેથી સરકાર બહુમાળી ઈમારત માટે મંજૂરી આપશે નહીં, પરંતુ કૃતનિશ્ચયી સ્વામીશ્રીએ આ મુશ્કેલીમાંથી રસ્તો કાઢવાની આહલેક જગાવી. સંશોધનોના અંતે મંદિરના પાયામાં આયસોલેટર મૂકવાનું નક્કી થયું.

બીજું, અપૂર્ણ માહિતીને લઈ સ્થાનિક રહેવાસીઓ પણ ક્યારેક ક્યારેક વિરોધ કરતા. સ્વામીશ્રીની આજ્ઞાથી હરિભક્તોએ ઘરે ઘરે ફરીને સ્થાનિકોની ગેરસમજ પણ દૂર કરી, જોકે, આ કાર્ય સહેલું નહોતું પણ સ્વામીશ્રીની હાકલથી ભક્તો દ્વારા તે સિદ્ધ થયું.

ત્રીજું, ક્યારેક સરકાર દ્વારા પણ પરવાનગી સંબંધી પ્રશ્નો આ પ્રકલ્પમાં ઊભા થતા, પરંતુ સ્વામીશ્રીની અપીલથી સંતો-હરિભક્તો દ્વારા આ સરકારી પ્રક્રિયાને સંપન્ન કરવા માટેના પ્રયત્નો આદરાયા.

જેના ફળસ્વરૂપે ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ ચિનો હિલ્સની જમીન ઉપર ભવ્ય ભારતીય પરંપરાગત શૈલીનું ૭૮ફૂટ ઊંચું શિખરબદ્ધ મંદિર તૈયાર થયું.

૧૯૮૪માં આરંભાયેલો આ યજ્ઞ છેક ૨૦૧૨માં પૂર્ણ થયો. સતત ૨૮-૨૮ વર્ષ સુધી પ્રમુખસ્વામી મહારાજ પ્રશ્નોની સામે ઝઝૂમતા રહ્યા. તેઓએ આવાં તો ૧૨૦૦ જેટલાં મંદિરો બાંધ્યાં છે, જે દરેકના નિર્માણમાં વધતા-ઓછા અંશે આવી તપશ્ચર્યા કરી છે.

આપણાં જીવનમાં પણ રોજબરોજ આવી તો ઘણી મુશ્કેલીઓ આવતી હશે. આ મુશ્કેલીઓમાં જો આપણે હિંમત હારી ગયા તો પછી ક્યારેય આપણે સફળતા સુધી નહીં પહોંચીએ. પણ આવા મહાપુરુષોનાં જીવનમાંથી પ્રેરણા લઈને ઝઝૂમતા રહીશું તો આજે નહીં તો કાલે, અવશ્ય સિદ્ધિને વરીશું.

...તો ગંભીર થવું પડશે



મોટાભાગે એવું જોવા મળે છે કે, આપણા ભવિષ્ય સમાન આપણાં સંતાનો આપણા જ દ્વારા અવહેલના પામે છે. તેઓની આપણને કિંમત નથી હોતી. તેઓને આપણે ગંભીરતાથી ક્યારેય લેતાં જ નથી

+વાઇબ્સ
ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

એક પ્રાથમિક શાળાની શિક્ષિકાએ પોતાના વિદ્યાર્થીઓને એક નિબંધ લખવા આપ્યો. નિબંધનો વિષય હતો- 'તમે ભગવાન પાસે શું માગવા ઇચ્છો છો?' વિદ્યાર્થીઓએ નિબંધ લખ્યા.

એ જ દિવસે સાંજે શિક્ષિકા પોતાના ઘરે વિદ્યાર્થીઓએ લખેલા નિબંધ તપાસવા બેઠી. એમાં એક નિબંધ વાંચીને તેની આંખોમાં અશ્રુ આવી ગયાં. ત્યાં જ તેના પતિનું આગમન થયું. પતિએ પોતાની પત્નીની આંખોમાં આંસુ જોતાં તેને પૂછ્યું કે, 'શું થયું?' શિક્ષિકાએ કહ્યું કે, 'મારા વિદ્યાર્થીઓએ ભગવાન પાસેની માગણી નિબંધ સ્વરૂપે રજૂ કરી છે. જુઓ, આ વાંચો.'

પતિએ વાંચ્યું- 'હે ભગવાન! આજે હું તારી પાસે કાંઈક વિશેષ માગું છું. મને TV બનાવી દો. જેનાથી મારા ઘરમાં મારું પોતાનું ચોક્કસ સ્થાન હોય. મારા કુટુંબીઓથી હું સદૈવ વીંટળાયેલો રહી શકું. જ્યારે હું બોલું ત્યારે બધા મને ધ્યાનથી સાંભળે. હું બધાના આકર્ષણનું કેન્દ્ર બનું. મારી માંદગીમાં મારી વિશેષ કાળજી લેવાય. મારા પિતા ગમે તેટલા થાકેલા હોય તો પણ સાંજે મને મળે. મારી ઉપેક્ષા ન કરે. બસ, ભગવાન! મારી આ જ એક ઇચ્છા છે કે હું આખી જિંદગી મમ્મી-પપ્પાને સુખી કરતો રહું.'

પતિએ વાંચીને કહ્યું કે, 'બિચારો બાળક! તેના વાલીઓ કેવા નિષ્ઠુર હશે?' પત્નીએ ઊંચું જોયું અને એટલું જ કહ્યું કે, 'આ આપણો જ દીકરો છે.'

આ કેવળ ઉપરોક્ત દંપતીના ઘરની જ વાત નથી પણ આપણા ઘરની પણ હોઈ શકે છે. મોટાભાગે એવું જોવા મળે છે કે, આપણા ભવિષ્ય સમાન આપણાં સંતાનો આપણા જ દ્વારા અવહેલના પામે છે. તેઓની આપણને કિંમત નથી હોતી. તેઓને આપણે ગંભીરતાથી ક્યારેય લેતાં જ નથી.

પરંતુ મહાપુરુષો અહીંયાં જુદા તરી આવે છે. તેઓને ખ્યાલ છે કે, 'આજનું બાળક એ આવતીકાલનું ભવિષ્ય છે.' ડૉ. એપીજે અબ્દુલ કલામ સાહેબ એક સમયે સારંગપુર પહોંચ્યા. ત્યારે ભીડમાં ઊભેલા એક બાળકને નજીક બોલાવ્યો. તેના હાથમાં એક ચીમળાઈ ગયેલો કાગળ હતો. બાળકે તે આપતાં જણાવ્યું કે, 'મને આમાં સહી કરી આપો.' સાહેબે તત્કાળ તેમાં સહી કરી આપી અને ત્યારબાદ બોલ્યા કે, 'બાળક આવતીકાલનું ભવિષ્ય છે. આ દુનિયામાં તેનું પ્રથમ પગલું છે માટે તેને સાંભળો.' ખરેખર, મહાપુરુષો પ્રત્યેક વ્યક્તિની લાગણી અને માગણીને સમજી, તેને ન્યાય આપી રાજી કરી શકતા હોય છે.

૧૯૯૫ના વર્ષમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો અમૃત મહોત્સવ મુંબઈ ખાતે શાનદાર રીતે ઉજવાયો હતો. જેમાં ૨૦૦ એકરમાં ભવ્ય નગર ઊભું કરવામાં આવ્યું હતું. કાર્યકરોની વિનંતીથી સ્વામીશ્રી નગરમાં તૈયાર કરેલી બાળનગરીમાં પધાર્યા. અહીં દસ વર્ષીય સુકેતુ કાપડમાંથી બનાવેલાં ગુલાબપુષ્પોનો હાર પકડી સ્વામીશ્રીને આવકારવા તત્પર હતો. આ દુર્લભ લાભને ચિરંતન કરવા તેણે પોતાના દોસ્તને ફોટો ઝડપી લેવાનું પણ કહી રાખેલું.

પરંતુ, 'કેમેરાના રોલમાં ગરબડ સર્જાતાં ફોટો પડ્યો જ નથી.' આ સાંભળતાં જ એ બાળક રડવા લાગ્યો. મનોરથ ભાંગતાં તે પણ ભાંગી પડ્યો. અંતે, તે બાળકે 'મને ફોટો લાવી આપો'ની રઢવાળો કાગળ લખી જાતે જ સ્વામીશ્રીના ઉતારે આપી આવ્યો.

અમૃત મહોત્સવના ભરચક કાર્યક્રમોમાં સ્વામીશ્રીના હાથમાં બાળકનો આ પત્ર આવ્યો. તે વાંચી તેઓએ બાળકની ઇચ્છા પૂરી કરવા ચક્ર ચલાવ્યું. તેઓએ ફોટોગ્રાફી સંભાળતી અધિકૃત વ્યક્તિને તે બાળકના ફોટા બાબતે પૂછ્યું. ત્યારે પ્રત્યુત્તર મળ્યો, 'આ મુલાકાતનો રેકોર્ડ અમદાવાદ પહોંચી ગયો છે.' સ્વામીશ્રીએ ત્યાંથી આ ફોટો મંગાવી બાળકને પહોંચાડવાની તાકીદ કરી. તે મુજબ થયેલી ગતિવિધિ પ્રમાણે આ ફોટો બે-એક અઠવાડિયાં બાદ એ બાળકના હાથમાં આવ્યો ત્યારે તો તે આનંદના આકાશમાં ઊડવા લાગ્યો.

રાષ્ટ્રનું હિત કરનાર આ મહાપુરુષના આવા એક નહીં પરંતુ અનેક પ્રસંગો છે કે જેમાં તેઓએ નાનાં બાળકોને પણ ગંભીરતાથી લીધાં હોય. એક વિરાટ સંસ્થાનું વહન કરનાર એક ત્યાગી સંતને ક્યાં બાળકોને આટલાં ગંભીરતાથી લેવાની જરૂર હતી? છતાં, તેઓએ બાળકોને સર્વ પ્રકારે સંતોષ આપવાના પૂર્ણ પ્રયત્નો કર્યા. કારણ એટલું જ હતું કે તેઓ જાણતા હતા કે આ બાળકો જ આપણું ભવિષ્ય છે. બાળકો જો સંસ્કારયુક્ત થશે તો પરિવાર અને સમાજ સાચી દિશામાં ગતિ સાધશે.

આપણે પણ જો આપણા પરિવારમાં સુખ-સમૃદ્ધિ સ્થાપવાં હશે તો બાળકોને સંસ્કાર આપવા જ પડશે અને એના માટે એમને ગંભીરતાથી લેવાં જ પડશે.

સફળ થવું સહેલું છે, પણ...

ઇંગ્લેન્ડની વિખ્યાત કલાસંસ્થા 'રોયલ એકેડેમી ઓફ આર્ટ્સ'માં એક ચિત્ર પ્રદર્શન યોજાવાનું હતું. તે ચિત્રકલા પ્રદર્શનમાં ધાર્યા કરતાં પણ વધુ ચિત્રકારોએ વિશ્વભરમાંથી પોતાની કૃતિઓ મોકલી. ચિત્રો એક હોલમાં ગોઠવવામાં આવ્યાં, પરંતુ એક ચિત્ર ગોઠવ્યા વિનાનું રહી ગયું. હોલમાં હવે થોડી પણ જગ્યા બચી ન હતી. સૌને આ ચિત્ર ક્યાં મૂકવું એ પ્રશ્ન મૂંઝવતો હતો. તેટલામાં જ ત્યાં ગયેલો એકેડેમીનો વ્યવસ્થાપક સમિતિનો માનનીય સભ્ય અને વિશ્વનો નામી ચિત્રકાર ટર્નર આવી પહોંચ્યો. તેને આ ઉભરતા કલાકારના ચિત્ર માટે સ્થાનનો ઉપાય પૂછવામાં આવ્યો. પ્રત્યુત્તરમાં ટર્નર બોલ્યો, 'આ તે કંઈ મુશ્કેલી કહેવાય? આનો ઉપાય તો ઘણો સહેલો છે!' સૌએ પૂછ્યું, 'કયો ઉપાય?' ટર્નરે ત્યાં ટાંગેલું પોતાનું ચિત્ર ઉતારી લીધું અને તે સ્થાને પેલા ઉભરતા ચિત્રકારનું ચિત્ર લટકાવી દીધું.



માણસ ક્યારેક મોટાં મોટાં કાર્યો સંપન્ન કરી શકે છે, પણ બીજાને આગળ વધવા માટેની તક કે પ્રોત્સાહન નથી આપી શકતો, કારણ કે સફળ થવું સહેલું છે, પણ સ્પર્ધારહિત રહેવું કઠણ છે

માણસ ક્યારેક મોટાં મોટાં કાર્યો સંપન્ન કરી શકે છે, પણ બીજાને આગળ વધવા માટેની તક કે પ્રોત્સાહન નથી આપી શકતો, કારણ કે સફળ થવું સહેલું છે, પણ સ્પર્ધારહિત રહેવું કઠણ છે. ગમે એટલું પામ્યા પછી પણ અંતરમાં રહેલો સ્પર્ધાનો ભાવ ક્યારેક ક્યારેક સપાટી પર ડોકાઈ આવે છે, પરંતુ જે મહાપુરુષો હોય છે તે સ્પર્ધાનો ભાવ ઊભો થાય એવી પરિસ્થિતિમાં પણ નિર્મળ રહી શકે છે.

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૫માં દિલ્હી ખાતે ભવ્ય અક્ષરધામ સ્મારકની રચના કરી. ૧૦૫ એકરમાં પથરાયેલા અને પાંચ વર્ષમાં નિર્મિત થયેલા આ વિશાળ સંકુલને જોઈ મોટા મોટા દિગ્ગજો હેરત પામ્યા. સમાચારપત્રો અને ટીવી ચેનલોએ 'અક્ષરધામ' અને 'પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ'નું નામ સર્વત્ર ગાજતું કર્યું. આ અવસરે લંડનના પૂર્વ હાઈકમિશનર એલ.એમ. સિંઘવી પણ આવ્યા હતા. તેઓએ એક પત્રકાર સાથેના ઇન્ટરવ્યૂમાં કહ્યું કે, 'લંડનમાં લોકો મને પૂછે છે કે ભારતમાં અમારે કોઈ એક મહત્ત્વના સ્થળની મુલાકાત લેવી હોય તો તે કયું સ્થળ હોઈ શકે? ત્યારે હું કહેતો કે તાજમહાલ જરૂર જોજો, પરંતુ અક્ષરધામ એવું સરસ બનાવ્યું છે કે જ્યાં ૧૦૦૦ વર્ષની ભારતીય સંસ્કૃતિનો એક ભવ્ય ઇતિહાસ તાદૃશ્ય થયો છે. અક્ષરધામ જોયા પછી હું લોકોને ચોક્કસ કહીશ કે તમે ભારત જાઓ તો સૌથી પહેલી મુલાકાત દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામની લેજો. પછી સમય મળે તો આગ્રાનો તાજમહાલ જોવા જરૂર જજો.' અને પછી તેઓએ છેલ્લું વાક્ય ઉચ્ચાર્યું કે, 'આગ્રાના તાજમહાલને ટક્કર મારે એવું અક્ષરધામ મંદિર બન્યું છે.'

પત્રકારને લાગ્યું કે આ વાક્ય તો લેખનું શિર્ષક હોઈ શકે એમ છે. બીજા દિવસે તેઓએ અખબારમાં હેડિંગ આપ્યું કે, 'તાજમહાલને ટક્કર મારે એવું અક્ષરધામ બન્યું છે.' એવું સિંઘવી સાહેબ કહે છે.

છાપું તો છપાઈ ગયું, પણ બીજા દિવસે સવારે પ્રમુખસ્વામી મહારાજે જ્યારે તે પત્રકારને જોયા ત્યારે પાસે બોલાવી મીઠો ઠપકો આપતાં કહ્યું, 'ભાઈ, આપણે કોઈ પણ ધર્મ, કોઈ પણ સંપ્રદાય સાથે સહેજ પણ હરીફાઈ કે સ્પર્ધામાં અક્ષરધામ બનાવ્યું નથી. માટે આવી વાત તમારા વિચારમાં કે તમારા મસ્તિષ્કમાં પણ ન ઊપજવી જોઈએ. કૃપા કરીને આ કાર્યને બીજા સાથે હરીફાઈની દૃષ્ટિ રાખીને ન સરખાવશો.'

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે, જ્યારે કોઈ કાર્યની સિદ્ધિના પરિપાક રૂપે આપણા ઉપર લોકો પ્રશંસાનાં પુષ્પો વેરવા લાગે ત્યારે આપણા હૃદયમાં સ્પર્ધાના અંકુરો ફૂટવા લાગે છે અને આ સ્પર્ધાના ભાવો જ અંતે દુઃખનું કારણ બને છે.

અંગ્રેજીમાં એક ઉક્તિ છે કે, 'Happiness is found when you stop comparing yourself to other people' એટલે કે 'જ્યારે તમે બીજા સાથે સ્પર્ધા કરવાનું બંધ કરો છો ત્યારે જ તમે સુખ પામી શકો છો,' કારણ કે આપણે ગમે એટલા મોટા થઈશું, પણ આપણા કરતાં ઉપર કોઈક તો પહોંચેલું જ હશે. આથી, બીજા સાથે સ્પર્ધા કરવાનું બંધ કરી આપણે આપણા કાર્યમાં કેન્દ્રિત થઈએ, એ સિદ્ધ કરવા પ્રયત્ન કરીએ, એ શૈલી જ ઉત્તમ છે.

ખરેખર, જે વ્યક્તિ સખત પુરુષાર્થ કરીને સફળ થયા પછી પણ સ્પર્ધામુક્ત રહે છે તે જ સુખ પ્રતિ પ્રયાણ કરે છે.

નીચે મૂકતા શીખીએ

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી



> **આપણને પણ અનુભવ થતો હશે કે જીવનમાં એવા કેટલાય પ્રસંગો બન્યા હશે કે જે ખરેખર દુઃખદાયી હોય. પણ એ ક્ષણ આપણે ભૂલી ગયા હોઈશું, અને આગળ વધી ગયાં હોઇશું...**

એક યુનિવર્સિટીના પ્રોફેસરે પોતાના વિદ્યાર્થીઓને સુંદર બોધ આપવા માટે એક પ્રયોગ કર્યો. તેઓએ પોતાના હાથમાં પાણી ભરેલા ગ્લાસને ઊંચો પકડી રાખી વિદ્યાર્થીઓને પૂછ્યું, 'આ ગ્લાસ થોડા સમય માટે ઊંચો પકડી રાખું તો શું થાય?' એક વિદ્યાર્થી કહે, 'કાંઈ ન થાય.' પ્રોફેસરે આગળ પૂછ્યું કે, 'એક કલાક સુધી પકડી રાખુ તો?' કોઈએ કહ્યું કે, 'હાથ દુખવા લાગે.' પ્રોફેસરે ત્યારપછી આગળ પૂછ્યું કે, 'આખો દિવસ પકડી રાખું તો?' વિદ્યાર્થીઓ જુદા જુદા ઉત્તર આપવા લાગ્યા કે, 'તો તમારો હાથ સૂજી જાય. તમારા સ્નાયુ દુખી જાય...હાથમાં લકવો થઈ જાય...હાથ ખોટો પડી જાય.'

પ્રોફેસરે કહ્યું કે, 'ખૂબ સરસ' પછી આગળ પૂછ્યું કે, 'પણ હવે મને એક વાત કહો, આ બધી અલગ અલગ ક્રિયાઓ વખતે પ્યાલાના વજનમાં કોઈ ફરક પડ્યો હતો?' દરેકનો પ્રત્યુત્તર 'ના' માં હતો.'

એટલે પ્રોફેસરે વિદ્યાર્થીઓને કહ્યું કે, 'આ પાણી ભરેલો પ્યાલો કેટલો વજનદાર છે, તેનું મહત્ત્વ નથી પણ આપણે તેને કેટલો વખત પકડી રાખીએ છીએ તેના પર તેના વજનનો આધાર છે. જેટલો વધુ સમય માટે તેને પકડી રાખીશું તેટલો વધારે ભારે લાગશે.' અંતે તેમણે વિદ્યાર્થીઓને પૂછ્યું કે, 'આપણને હાથ ન દુખે, એના માટે આપણે શું કરી શકીએ?' ત્યારે જવાબ મળ્યો, 'પ્યાલાને નીચે મૂકી દો. બધી ઝંઝટ ખતમ.'

પ્રોફેસરે તરત જ કહ્યું કે, 'જીવનમાં મુશ્કેલીઓનું પણ આવું જ છે. જો તે થોડી વાર માટે જ તમારા મગજ પર સવાર હશે તો વાંધો નહીં આવે. પણ જો તમે લાંબા સમય સુધી તેમને પકડી રાખી વિચાર્યા કરશો તો મગજ દુખવા લાગશે. હજી થોડા વધુ સમય સુધી તેમને મગજ પર સવાર રહેવા દેશો તો લકવા જેવી સ્થિતિ થઈ જશે. એક સમય એવો આવશે કે તે સમયે તમે કંઈ જ કરી શકશો નહીં.'

મિત્રો, સુખી જીવન જીવવા માટે 'પ્યાલા'ને ઊંચકી રાખવાને બદલે નીચે મૂકી દેતાં પણ શીખવું પડે.

જરા હસતાં રમતાં જીવો, જગત બદલાઈ જશે,

શિરે ભાર લઈ ફરશો તો જીવન કરમાઈ જશે!

પરંતુ, મહાપુરુષોનાં જીવનમાંથી આપણને પ્રેરણા પ્રાપ્ત થાય છે. ૧૯૮૭માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સારંગપુર ગામે વિરાજમાન હતા. એ વખતે નવયુવાન સંતો-ભક્તોએ એવું આયોજન કર્યું કે સંસ્થાનો અસ્મિતાસભર જૂનો ઈતિહાસ સ્વામી પાસે કહેવડાવી એનું વીડિયો રેકોર્ડિંગ કરી લેવું જેથી ઈતિહાસની કેટલીક વાતો અને સત્ય પ્રસંગો ભવિષ્યની પેઢી માટે સંગ્રહિત થઈ જાય. એક પછી એક ઈતિહાસનાં પૃષ્ઠો ઊઘડતાં જતાં હતાં અને સ્વામી તે સંબંધી ઘટનાઓ વર્ણવતા જતા હતા. એમાં સંતોએ એક એવી વ્યક્તિની વાત કાઢી કે જેણે શરૂઆતનાં વર્ષોમાં અણસમજણના કારણે સ્વામીશ્રીનો ઘણો વિરોધ કર્યો હતો. સંતોને ઈચ્છા હતી કે, સ્વામીશ્રીએ આ બાબતે જે સહન કર્યું છે તે અધ્યાયનું રેકોર્ડિંગ પણ સાથે સાથે થઈ જાય. જેથી બીજા નવા મુમુક્ષુઓને પ્રેરણા પ્રાપ્ત થાય. પણ સ્વામીશ્રીએ સંતોને જણાવ્યું કે, 'એને શું સંભારવાનું? એનું રેકોર્ડિંગ આપણે નથી કરવું.' સ્વામીશ્રીએ તે સમયે ઘણું સહન કર્યું હતું તેમ છતાં તે પ્રકરણને તેઓએ પ્રકાશિત ન થવા દીધું. આ તેઓનું હંમેશનું વલણ રહેતું. તેઓ જૂના કડવા અનુભવો તરત જ ભૂલી જતા.

સામાન્ય રીતે આપણા માટે આવા પ્રસંગો સહાનુભૂતિ ઊભી કરવાનાં સાધનો બની જાય છે. ગમે તેમ કરીને આપણે આવા પ્રસંગો બીજા આગળ પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. પણ આપણે એ નથી સમજી શકતા કે આવા પ્રસંગોને વારેવારે સંભારીને આપણે જ આપણા અંતરને અંદરથી કોરીએ છીએ.

કોઈક આપણને કોઈ એક પ્રસંગે ત્રાસ આપ્યો હોય પણ ત્યારપછી એને વારે વારે યાદ કરીને આપણે પોતાને જ એ ત્રાસ વારેવારે આપીએ છીએ.

આપણને પણ અનુભવ થતો હશે કે જીવનમાં એવા કેટલાય પ્રસંગો બન્યા હશે કે જે ખરેખર દુઃખદાયી હોય. પણ એ ક્ષણ આપણે ભૂલી ગયા હોઈશું તો તે પ્રસંગો આપણને પીડા નહીં કરતા હોય અને એની સામે કોઈક ક્ષુલ્લક પ્રસંગ પણ આપણે મનમાં સંગ્રહી રાખ્યો હશે તો તે આપણને પરેશાન કરતો હશે.

નવા વર્ષના પ્રારંભે આપણે જેમ જૂના ચોપડાનો હિસાબ પૂર્ણ કરીએ છીએ તેમ જીવનમાં પણ જૂના બધા જ કડવા અનુભવોનો હિસાબ શૂન્ય કરી સંબંધોના ચોપડા નવેસરથી લખવા શરૂ કરીએ.

સૌથી મોટો શત્રુ

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી



આળસ જીવનમાં અંધકાર પાથરે છે, જ્યારે ઉદ્યમ જીવનને ઉજાગર કરે છે. આળસ માણસને કંગાલ બનાવે છે જ્યારે ઉદ્યમ માણસને કુબેર બનાવે છે

'Laziness is a living person's grave.' અર્થાત, 'આળસ એ જીવતા માણસની કબર છે.'

વિશ્વની સૌથી વૈભવશાળી અને વિશાળ સ્ટિમર 'ટાઈટનિક' કુલ ૧૫૧૩ મુસાફરો અને નાવિકો સાથે સાગરના પેટાળમાં પોઢી ગઈ. આ ઘટનાના મૂળમાં હતી- 'કેટલાક લોકોની આળસ.' કારણકે, કહેવાય છે કે આગળના જહાજે હિમશિલાના સમાચાર મોકલ્યા હોવા છતાં તેના કર્મચારીઓએ તેને ધ્યાનમાં ન લેતા ટાઈટનિકનો હિમશિલા સાથે અકસ્માત સર્જાયો હતો.

સને ૧૭૩૯માં ૨૦,૦૦૦નું સૈન્ય ધરાવનાર દિલ્હીનો બાદશાહ મહમદશાહ, નાદિરશાહ સામેના યુદ્ધમાં માત્ર ત્રણ જ કલાકમાં હારી ગયો. એટલું જ નહિ પણ તેણે પોતાનું અપાર ધન, કોહિનૂર હીરો અને શાહજાદીને પણ ગુમાવ્યાં. તેના મૂળમાં પણ હતી- 'બાદશાહની આળસ.' કારણકે સૈન્ય લઈને દિલ્હી પર ચઢાઈ કરવા માટે આવી રહેલા નાદરિશાહના સમાચાર સાંભળીને પણ તે જાગ્યો નહિ અને છેલ્લે સુધી બોલતો રહ્યો કે, 'દિલ્હી અભી દૂર હૈ.'

આળસથી કેટલાક લોકોનાં જીવન બરબાદ થઈ ગયાં છે. નુકસાનની માત્રા કદાચ ઓછી-વધતી હોય પણ આળસે અવશ્યપણે આપણને ક્યારેક તો આપણા કાર્ય, વ્યવહાર કે સામાજિક સંબંધોમાં પાછા પાડ્યા જ હશે.

એટલે જ નીતિશતકમાં કહેવાયું છે કે,

આલસ્યં હિ મનુષ્યાણાં શરીરસ્થો મહાન રિપુઃ।
નાસ્ત્યુદ્યમસમો બન્ધુઃ યં કૃત્વા નાવસીદતિ॥

અર્થાત, આળસ મનુષ્યોનાં શરીરમાં રહેલો મહાન દુશ્મન છે. ઉદ્યમ જેવો કોઈ સ્વજન નથી, જેને આચરતો કોઈ નાશ પામતા નથી.

આળસ જીવનમાં અંધકાર પાથરે છે, જ્યારે ઉદ્યમ જીવનને ઉજાગર કરે છે. આળસ માણસને કંગાલ બનાવે છે જ્યારે ઉદ્યમ માણસને કુબેર બનાવે છે. આળસ એ મૃત્યુ છે અને ઉદ્યમ એ જીવન છે. માટે બરબાદી એ આપણા જીવનની ઓળખ ન બને, તે માટે આજથી જ આળસની બેડીઓમાંથી છૂટી ઉદ્યમના માર્ગે ચઢવું પડે. નહીં તો કાલની રાહમાં જિંદગીની વાહ ગુમાવી દેવાય. ઈતિહાસ બતાવે છે કે, જે લોકો જીવનમાં કાઠું કાઢી શક્યા છે તેમણે આળસને પહેલાં તિલાંજલિ આપી છે.

રશિયાના મહાન લેખક જ્હોન રસ્કિન પોતાના લેખનકાર્ય માટેના કાગળ ઉપર પેપરવેઈટ તરીકે જે પથ્થર રાખતા, તે પથ્થર ઉપર એક જ શબ્દ કોતરાયેલો હતો- 'Today'

સતત કાર્યશીલ રહેતા અખિલ ભારતીય કક્ષાના નેતા સ્વામી શ્રદ્ધાનંદને કોઈકે પૂછ્યું કે, 'આપને સહેજ પણ આળસ નથી આવતી?' તેના પ્રત્યુત્તરમાં તેઓ બોલ્યા કે, 'આળસ એ માણસની કબર છે. હું અત્યારથી એ કબરમાં પોઢવા નથી માગતો.'

એકવખત પત્રલેખન કરતાં કરતાં એક સંતને મીઠી ટકોર કરતાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કહ્યું હતું કે, 'એક સેકન્ડ પછી (પત્ર) લખીશ, એવો વિચાર પણ આળસ છે.'

આ વાક્ય તેઓની વાણીમાં જ નહોતું પણ તેઓના જીવનમાં પણ ચરિતાર્થ થયેલું હતું. ૫૦૦ વર્ષ જીવનાર વ્યક્તિ જે કાર્ય ન કરી શકે તેવાં ઢગલાબંધ કાર્યો તેઓએ એકલા હાથે માત્ર ૯૫ વર્ષના જીવનકાળ દરમિયાન કર્યાં છે. આ સિદ્ધિના મૂળમાં હતો-તેઓનો પુરુષાર્થ. 'ચાલશે', 'પછી કરીશું', 'કાલે આવજો', 'હજુ વાર છે'- આવાં વચનો તો તેઓથી લાખો જોજનો દૂર રહેતાં.

૯-૧-૧૯૮૫નાં દિને નિર્જળા ઉપવાસમાં પ્રમુખસ્વામી મહારાજે સવારના ૮-૩૦ વાગ્યાથી બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધી અવિરત ૮૦ પધરામણીઓ કરી. મોંમાં પાણીનું ટીપુંય મૂક્યા વગર સતત સાડા ત્રણ કલાકથી ભક્તોના ઓરડે-ખોરડે વિચરતા તેઓને સંતોએ વિનંતી કરી કે, 'સ્વામી! થોડીવાર બેસો.' પણ સ્વામીશ્રીએ વિનંતી ન સ્વીકારતાં પધરામણી ચાલુ જ રાખી. આ પધરામણીઓમાં છેલ્લે કેવળ ઉકાભાઈના ઘરે પગલાં પાડવાનાં બાકી હતા. પરંતુ ઉકાભાઈએ સવારથી સ્વામીશ્રીનો ભીડો જોયો હતો, આથી તેઓએ આદ્રા થતાં સ્વામીશ્રીને કહ્યું, 'હવે મારા પ્લોટે નથી જવું. આપ આરામ કરો.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'હવે શું કામ બાકી રાખવું?' એમ કહીને તેઓએ છેલ્લી પધરામણી પણ ઉત્સાહભેર કરી.

'જે કામ હાથમાં લીધું તેનો છેડો ન આવે ત્યાં સુધી છોડવું નહીં'- આવો ઉદ્યમ સ્વામીશ્રીના જીવનનો પર્યાય હતો. એટલે જ ક્યારેય એમના કાર્યમાં આળસરૂપી સડો પેસવા પામ્યો નહોતો.

આવો, મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા પામીને 'આળસ તજીને ઉદ્યમી બની' આપણે પણ આપણા જીવનને સાર્થક બનાવીએ. આળસ માણસને રાજામાંથી રંક બનાવી શકે છે, તેથી તેને ત્યજવી જ જોઈએ તેને ત્યજશું તો જ આપણો ઉદ્ધાર થશે.

ધીરજ સમ નહીં ધન રે...



આપણા જીવનમાં પણ ક્યારેક એવું બને કે, સારું કાર્ય કરવા છતાં વિઘ્નો આવે, લોકો વિરોધ કરે અથવા સફળતા માટે સતત ઝઝૂમવા છતાં નિષ્ફળતા જ સાંપડે આવા સંજોગોમાં ધીર બની રહેવું

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ફ્રાન્સ જીત્યા બાદ હિટલરની નજર ઈંગ્લેન્ડ પ્રતિ મંડાયેલી હતી. એ સમય દરમિયાન પેરિસના રાજમહેલમાં એક તદ્દન ખાનગી બેઠકનું આયોજન થયું હતું.આ બેઠક મહેલમાં આવેલા એક હોજના કિનારે રખાયેલી હતી. જેમાં હિટલર, મુસોલિની અને ચર્ચિલ એકત્રિત થયા હતા. જેમાં હિટલરે કહ્યું, 'મિસ્ટર ચર્ચિલ, આપ જાણો છો કે ઘણું ખરું યુરોપ મેં જીતી લીધું છે. હવે તમારા માટે આશાનું કોઈ કિરણ નથી. જો તમારે વધારે સૈનિકોનું લોહી ન વહાવવું હોય તો શરણાગતિ સ્વીકારી લો. દસ્તાવેજ તૈયાર છે, તેના પર તમે સહી કરો એટલે યુદ્ધ પૂરું.'

ચર્ચિલ હિટલરનાં ઉતાવળાં અને ઉશ્કેરાટભર્યાં વચનોમાં ન આવ્યા. તેઓએ હળવેથી કહ્યું, 'અમે ઈંગ્લેન્ડના લોકો લડાઈ હારી ગયા હોઈએ, એમ માનતા નથી.' 'હવે તમારી પાસે રહ્યું છે શું?' હિટલર તાડૂક્યો. ચર્ચિલ શાંતિથી કહે, 'ઈંગ્લેન્ડમાં રિવાજ છે કે જ્યારે પણ મતભેદ થાય ત્યારે તેનો નિકાલ શરત મારીને કરવો.' તે સમયે ખૂબ ઉતાવળમાં હિટલરે ઉતાવળે કહ્યું, 'હું શરત મારવા તૈયાર છું, જે શરત હારે તે લડાઈ હારી ગયો ગણાશે.' તમારી શરત જણાવો? ચર્ચિલે હોજમાં તરતી માછલી સામે જોઈને કહ્યું કે, 'જે માછલી પકડવાનાં કોઈ પણ સાધન વિના આ માછલીને હોજની બહાર કાઢી દે, તે શરત જીત્યો ગણાશે.' આ સાંભળી હિટલર ખુશ થયો. તેણે પોતાની રિવોલ્વર લીધી, માછલી પર એક ગોળી છોડી પરંતુ તે નિશાન ખાલી ગયું. બીજી વાર પણ ખાલી ગયું. એવી જ રીતે મુસોલિનીએ હોજમાં ઝંપલાવી ઘણા પ્રયત્નો કર્યા પણ તે માછલી પકડી શક્યો નહીં. આથી હિટલરે ગુસ્સાથી ચર્ચિલને કહ્યું, 'હવે તમે કરી બતાવો.' ચર્ચિલ તરત જ હોજ પાસે પહોંચ્યા અને પોતાની ચમચી વડે હોજનું પાણી બહાર ઉલેચવા માંડ્યા. આ જોઈ હિટલરે ઉશ્કેરાતાં કહ્યું, 'આ શું રમત આદરી છે?'

ત્યારે ચર્ચિલે કહ્યું, 'હું જાણું છું કે આમાં સમય ઘણો લાગશે પરંતુ આ કરવાથી એક વખત આખોય હોજ ખાલી થઈ જશે અને માછલી બહાર નીકળી આવશે. આવી જ રીતે અમે એક દિવસ લડાઈ પણ જીતી જઈશું.' ચર્ચિલની આવી અદમ્ય ધીરજથી ઈંગ્લેન્ડે જર્મનીને વિશ્વયુદ્ધમાં હરાવ્યું.

આવા મહાપુરુષોના પ્રસંગોના આધારે જ કહેવાયું હશે કે, 'ધીર પુરુષો આપત્તિ તારે છે.'

આપણા જીવનમાં પણ ક્યારેક એવું બને કે, સારું કાર્ય કરવા છતાં વિઘ્નો આવે, લોકો વિરોધ કરે અથવા સફળતા માટે સતત ઝઝૂમવા છતાં નિષ્ફળતા જ સાંપડે. જીવનની આવી વિપરીતતાઓમાં મોટાભાગે વ્યક્તિ ધીરજ ગુમાવી બેસે છે અને દુઃખના દરિયામાં ગરક થઈ જાય છે, પરંતુ ધીર પુરુષો વિઘ્નોની વચ્ચે પણ સ્થિર રહે છે, વિરોધોની સામે પણ અડગ રહે છે અને નિષ્ફળતાઓમાં પણ નિશ્ચિંત રહે છે.

સમાજની વરવી વાસ્તવિકતા એ છે કે જ્યારે મહાપુરુષો નિઃસ્વાર્થભાવે જનકલ્યાણનાં કાર્ય કરે છે ત્યારે વિના પ્રયોજને આ કાર્યોમાં વિઘ્નો નાંખનારા અને નિંદા કરનારા પણ ઊગી નીકળે છે. આવી દુષ્પ્રવૃત્તિથી કોઈ પણ વ્યક્તિ અકળામણ અનુભવે તે સ્વાભાવિક છે. એક વાસ્તવિકતા તો છે જ, આજે લોકોને બધું instant જોઈએ છે- instant ચા, Instant કોફી, instant ઢોકળાં વગેરે. આ માટેનાં પેકેટસ પણ બજારમાં તૈયાર મળે છે. આવી ક્ષુલ્લક અને તુચ્છ વસ્તુઓ તાત્કાલિક પ્રાપ્ત થઈ શકે પરંતુ સફળતા, સિદ્ધિ, પદ કે પ્રતિષ્ઠા તાત્કાલિક પ્રાપ્ત નથી થતાં. એના માટે તો ધીરજ રાખવી જ પડે છે. દિલ્હી અક્ષરધામનું દર્શન એ પ્રમુખસ્વામી મહારાજે ગુરુસંકલ્પને સાકાર કરવા માટે ૩૨ વર્ષ સુધી રાખેલી ધીરજનું દર્શન છે; આપણાં ઘરમાં પ્રજ્વલિત ટ્યૂબલાઈટ એ થોમસ આલ્વા એડિસને કરેલા ૧૦,૦૦૦ પ્રયોગો સુધી રાખેલી ધીરજનો પ્રકાશ છે; આપણી વિમાનની મુસાફરી એ રાઈટબંધુઓએ રાખેલી ધીરજની સફર છે. હકીકત એ છે કે થોડી તૈયારી અને ઘણી ઉતાવળ ઉપર જિંદગીની ઈમારત નથી ચણી શકાતી. જીવનના પાયાને મજબૂત કરવા માટે તો તેમાં ધીરજની પૂરણી કરવી પડે.

સંવેદના

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

કોઇ ચિંતકે કહ્યું છે કે, કોઈકના ભાણાનું પડાવી લઈ ખાવું એ વિકૃતિ, એકલા એકલા ખાવું એ પ્રકૃતિ અને અન્યનો વિચાર કરી ખાવું તે સંસ્કૃતિ. આ સંસ્કૃતિને જાળવી રાખનાર સદાય સુખી થાય છે

ભગવાને રચેલી આ સૃષ્ટિમાં વિચારો અને લાગણીઓ - સંવેદનાઓની જુગલબંધી એકમાત્ર મનુષ્યમાં જ દેખાય છે. વિચારો એ બુદ્ધિની નિપજ છે, જ્યારે સંવેદના એ હૃદયની. અવનવા, અચરજકારી અને સર્જનાત્મક વિચારોથી એક પ્રભાવ જરૂર ઊભો થાય છે. પણ તે ક્ષણિક હોય છે. જ્યારે અન્ય માટેની ઉચ્ચ અને ઉમદા ભાવના-સંવેદનાથી સદભાવ ઊભો થાય છે, જે અન્યના હૃદયમાં કાયમી સ્થાન જમાવે છે. બુદ્ધિ બહુધા અંગત (પોતાની) સુખ -સુવિધાનો જ વિચાર કરે છે. જ્યારે હૃદયની સંવેદના અન્યની વેદના પીડાને સમજી તેના નિવારણ તરફ આગળ વધે છે.

આપણા પૂર્વ રાષ્ટ્રપતિ, ભારતરત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબ કહેતા, 'I am not a Handsome guy, but I can give my hand to some one who needs help.'

અન્યના હિતનું સાતત્ય હકીકતે તો સંતત્વનો જ પરિચય છે. પરોપકાર એ સંત-હૃદયનો સહજ ધબકાર છે અને તેમાંય કોઈ પણ અપેક્ષા વિનાનો પરોપકાર તે સંતત્વની શ્રેષ્ઠ ઊંચાઈની ઓળખ આપે છે.

રામચરિતમાનસના ઉત્તરકાંડમાં ગોસ્વામી તુલસીદાસજી લખે છે, પરહિત સરિસ ધર્મ નહીં ભાઈ - અન્યનું હિત કરવાથી મોટું કોઈ કર્તવ્ય નથી. ભારતીય સંત પરંપરામાં આ સિદ્ધાંતો મૂર્તિમાન જોવા મળે છે.

ગુરુ નાનક જ્યારે કિશોરવયના હતા ત્યારે એક વાર કેટલાક સાધુ મહાત્માઓને ભૂખ્યા જોયા. તેઓનું હૃદય ભાવાદ્ર થઈ ગયું. તેમણે એક વરિષ્ઠ સાધુને કહ્યું, મારી પાસે પૈસા છે તે તમને આપું છું. તમે ભોજનની વ્યવસ્થા કરી લેજો. તે વરિષ્ઠ સંતે પૂછ્યું કે, બેટા! આ પૈસા ક્યાંથી લાવ્યો? ગુરુ નાનકે કહ્યું, પિતાજીએ મોટા શહેરમાં જઈ વેપાર કરવા માટે આપ્યા છે. તે સાધુએ કહ્યું તો પછી વેપાર માટે જ વાપરને! અમને કેમ આપે છે? ત્યારે ગુરુ નાનક સહસા બોલી ઊઠ્યા કે હું પિતાની આજ્ઞા મુજબ જ કરી રહ્યો છું. આપ જેવા સાધુઓને જમાડવા કરતાં વધુ સારો વેપાર કયો?

આપણી મહાન સંત પરંપરાએ તો આપણને કેવળ મનુષ્યોની જ નહીં, પરંતુ મૂક અબોલ પશુ-પંખીની પણ ચિંતા કરવાનું શીખવ્યું છે. સૌનું હિત કરવાની આ ઊંડી સંવેદના એ વસુધૈવ કુટુમ્બકમની આપણી સનાતન ભારતીય સંસ્કૃતિનો પર્યાય છે.

ઈ.સ. ૧૯૮૭ના વર્ષમાં ગુજરાત કારમા દુષ્કાળની ભીંસમાં આવી ગયેલું. મેઘરાજાની રીસ અને ઠેરઠેર પાણી માટે ચીસ. સમગ્ર ગુજરાતનું તે સમયનું આ રેખાચિત્ર હતું. પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજે આ અરસામાં ગુજરાતનું પશુધન બચાવવા કેટલકેમ્પો શરૂ કરાવેલા. સાથે સાથે અન્ય પાંજરાપોળો તથા ગૌશાળાઓમાં પણ બનતી મદદ કરવી શરૂ કરી હતી. પશુ કલ્યાણ કેન્દ્રના નામથી આયોજનબદ્ધ રીતે શરૂ કરવામાં આવેલા આ કેટલકેમ્પોના સેવાકાર્યને સરકારશ્રીએ પણ ખૂબ નોંધનીય અને ઉલ્લેખનીય બતાવેલું. સાથે સાથે આ રાહતકાર્યમાં પ્રમુખસ્વામી મહારાજે કોઈ પણ નાત-જાત કે ધર્મની ભેદરેખા રાખી નહોતી. જેની નોંધ આજે પણ એ ખેડૂતોના માનસપટ ઉપર શિલાલેખ સમાન કોતરાયેલી છે.

દુષ્કાળના એ દિવસો દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજ બોટાદ પાસેના તીર્થધામ સારંગપુર ખાતે રોકાયા હતા. પોતાના નિત્યક્રમ મુજબ તેઓ રોજ સાંજે મંદિરની ચીકુવાડીમાં ભ્રમણ માટે પધારતા. એક વાર તેઓએ ભ્રમણ દરમ્યાન અચાનક ચીકુવાડીની દેખરેખ રાખનાર સંતને બોલાવ્યા. દેખરેખ અંગેની કોઈ ભૂલ માટે અથવા કોઈ વિશેષ સૂચનનું અનુમાન કરીને તે જવાબદાર સંત હાથ જોડીને હાજર થયા.

પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું, આ વર્ષે ચીકુ ખૂબ આવ્યાં છે. આ ચીકુનું શું કરો છો?

વાડી સંભાળનાર સંતે કહ્યું, ઠાકોરજીના થાળ માટે તથા સંતો-ભક્તો માટે જરૂરિયાત પૂરતાં રાખીને બીજાં બજારમાં મોકલી આપીશું.

દુષ્કાળની એ ભીષણ પરિસ્થિતિમાં મૂક-અબોલ અને નિર્દોષ પંખીઓ પ્રત્યેની સંવેદના સાથે પ્રમુખસ્વામી મહારાજે તે સંતને કહ્યું, સાંભળો! બધાં ચીકુ ઉતારી લેવાનાં નહીં, દુષ્કાળનું વર્ષ છે. પાણીના અભાવે ખેડૂતોએ વાવેતર કર્યું ન હોય તેથી બિચારાં પક્ષીઓ ખાવા ક્યાં જાય? પક્ષીઓ માટે ચીકુ અનામત રાખવાં, ઉતારવાં નહીં અને પાણી ભરેલાં કુંડાં પણ રાખવાં જેથી પક્ષીઓને પાણી પણ મળી રહે.

કોઈ ચિંતકે કહ્યું છે કે, કોઈકના ભાણાનું પડાવી લઈ ખાવું એ વિકૃતિ, એકલા એકલા ખાવું એ પ્રકૃતિ અને અન્યનો વિચાર કરી ખાવું તે સંસ્કૃતિ.

ઉપનિષદ કહે છે કે અન્ય માટે ત્યાગ કરીને ભોગવો. આપણાં શાસ્ત્રોમાં સમાયેલી આ વિરલ અને વિશિષ્ટ સંવેદનાઓ આપણા મહાન સંતોના જીવનમાં અક્ષરશઃ ચરિતાર્થ છે. જે આપણે પણ કેળવીને જીવનને ઉન્નત બનાવી શકીએ.